# ભારતીય જ્યોતિષ સંસ્થાન

સંચાલિત

## જ્યોતિષ વર્ગ

ૐ ઐં ક્લીં સૌઃ શ્રી મહાસરસ્વત્યૈ નમઃ ॥







**પ્રથમ સત્ર : ફલાદેશ અભ્યાસક્રમ**

સંકલન • લેખન • પ્રકાશન

**મહેશચંદ્ર મુરલીધર શુક્લ**

## ક્રાંતિવૃત

પૃથ્વી પોતાની ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. પૃથ્વી પરથી જોનારને સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ ભ્રમણ કરતો દેખાય છે. આકાશમાંના સ્થિર તારકોના સમુદાય વચ્ચેથી સૂર્યનો ભ્રમણ માર્ગ જાય છે. સૂર્ય પૂર્વ તરફ ભ્રમણ કરતાં એકવાર એક નક્ષત્રના તારા પાસે રહેલો સૂર્ય બરાબર એક વર્ષ ફરી પાછો તે જ તારા પાસે આવે છે. આમ થતાં ગોળ આકાશની સૂર્યની એક પ્રદક્ષિણા પુરી થયેલી આપણે અનુભવીએ છીએ. સૂર્યનો આ ભ્રમણ માર્ગ કાયમી સ્વરૂપનો છે. તેમાં ફેરફાર થતો નથી. તેથી ભ્રમણમાર્ગમાં જે જે તારાઓ જેટલા અંતરે દેખાતા હોય તેટલા જ અંતરે હંમેશ માટે રહે છે. સૂર્યનો ભ્રમણમાર્ગ આ રીતે નિશ્ચિત થયેલ હોવાથી આકાશમાંના અન્ય ગ્રહોની ગતિ સ્થિતિનું માપ મેળવવા માટે આ જ માર્ગનો ઉપયોગ કરવામાં આવે છે. આ સૂર્ય માર્ગનું નામ 'ક્રાંતિવૃત્ત' છે. આ ગોળાકાર પરિભ્રમણના માર્ગના બાર વિભાગ કરી દરેક વિભાગને 'રાશિ'નું નામ આપવામાં આવ્યું છે. તેમજ આ માર્ગના ૨૭ સરખા ભાગ કરી તે દરેકને 'નક્ષત્ર'નું નામ આપવામાં આવ્યું છે.

ગોળાકાર = ૩૬૦°　　૧ રાશિ = ૩૦°　　નક્ષત્ર = ૧૩° - ૨૦'

o આ નિશાની અંશ,　　' એક લીટી - આ નિશાની કળા તરીકે ઓળખાય છે.

અને " બે લીટી - આ નિશાની વિકળા તરીકે ઓળખાય છે.

ક્રાંતિવૃત્ત પર એક સ્થિર આરંભસ્થાન માનવામાં આવેલ છે. તે સ્થિર બિંદુથી રાશિ અને નક્ષત્ર વિભાગની શરૂઆત થાય છે. આરંભસ્થાનથી પૂર્વ તરફ આગળ વધતાં ૩૦°ના વિભાગને રાશિ અને ૧૩° - ૨૦'ના વિભાગને નક્ષત્ર કહે છે.

## ગ્રહભોગ

ક્રાંતિવૃત્ત એ સૂર્ય માર્ગ હોઈ સૂર્ય તે માર્ગ પર ભ્રમણ કરે છે. પરંતુ બાકીના ગ્રહોનો માર્ગ ક્રાંતિવૃત્તની આજુબાજુ જ હોય છે. દરેક ગ્રહ પોતાને માર્ગે ભ્રમણ કરે છે. પરંતુ પંચાગમાં ગ્રહના રાશિ અંશાદિ સ્થાન દર્શાવવામાં આવે છે. તે આ ક્રાંતિવૃત્તને અનુસરીને જ હોય છે. એટલે ગ્રહ પોતાના માર્ગ પર હોવા છતાં અમુક સમયે તે ક્રાંતિવૃત્તના જે બિંદુની સામે હોય તે બિંદુ પર છે એમ સમજી ગ્રહનું સ્થાન પંચાગમાં આપવામાં આવે છે. આરંભ સ્થાનથી ગ્રહનું ક્રાંતિવૃત્તિય અંતર જે રાશિ, અંશ, કળા, વિકળામાં હોય છે તેને 'ગ્રહભોગ' કહેવાય છે.

## પંચાંગનાં પાંચ અંગો

૧. તિથી : તિથી એટલે સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર. ૧૨°ની એક તિથી થાય. એકમ, બીજ, ત્રીજ, વગેરે.... તેમાં શુક્લ (સુદ) અને કૃષ્ણ (વદ) એમ બે વિભાગ છે.

૨. **વાર :** સવારે સૂર્યોદય થાય ત્યારેથી શરૂ કરી બીજા દિવસના સૂર્યોદય સુધીના સમયને 'વાર' કહે છે. રવિ, સોમ, મંગળ વગેરે...

૩. **નક્ષત્ર :** ક્રાંતિવૃત્તનો ૧૩° - ૨૦' જેટલો ભાગ નક્ષત્ર કહેવાય છે. આકાશમાં પરિભ્રમણ કરતાં ચંદ્રને આમાંના દરેક નક્ષત્રવિભાગમાં ફરતાં જે સમય લાગે છે તેને નક્ષત્ર ભોગ કહે છે. પંચાંગમાં જે દિવસે જે નક્ષત્ર આપવામાં આવે છે તે દિવસે તે નક્ષત્ર પર ચન્દ્ર છે એમ સમજવું.

**નક્ષત્રોના નામ :** કુલ ૨૭ નક્ષત્ર છે.

| | | |
|---|---|---|
| અશ્વિની | મઘા | મૂળ |
| ભરણી | પૂર્વા ફાલ્ગુની | પૂર્વાષાઢા |
| કૃત્તિકા | ઉત્તરા ફાલ્ગુની | ઉત્તરાષાઢા |
| રોહિણી | હસ્ત | શ્રવણ |
| મૃગશીર્ષ | ચિત્રા | ધનિષ્ઠા |
| આર્દ્રા | સ્વાતિ | શતતારા |
| પુનર્વસુ | વિશાખા | પૂર્વ ભાદ્રપદા |
| પુષ્ય | અનુરાધા | ઉત્તર ભાદ્રપદા |
| આશ્લેષા | જયેષ્ઠા | રેવતી |

૪. **યોગ :** ક્રાંતિવૃત્તના આરંભ સ્થાનથી કોઈપણ એક સમયે સૂર્ય તેમજ ચંદ્ર કેટલા અંતરે છે તે તેમના રાશ્યાદિ ભોગ દ્વારા જાણી શકાય છે. સૂર્ય અને ચન્દ્રના રાશિ, અંશ, કળા, વિકળાનો સરવાળો કરી જે રાશ્યાદિ આવે તેનો દરેક ૧૩° - ૨૦'નો ભાગ યોગ કહેવાય છે.

**યોગના નામ :** કુલ ૨૭ યોગો છે.

| | | |
|---|---|---|
| વિષ્કુંભ | ગંડ | પરિઘ |
| પ્રીતિ | વૃદ્ધિ | શિવ |
| આયુષ્યમાન | ધ્રુવ | સિદ્ધ |
| સૌભાગ્ય | વ્યાઘાત | સાધ્ય |
| શોભન | હર્ષણ | શુભ |
| અતિગંડ | વજ્ર | શુક્લ |
| સુકર્મા | સિધ્ધિ | બ્રહ્મા |
| ધૃતિ | વ્યતિપાત | ઐન્દ્ર |
| શૂલ | વરીયાન | વૈધૃતિ |

૫. **કરણ :** કરણ એટલે તિથિનો અર્ધો ભાગ

સ્થિર કરણો : શકુનિ, ચતુષ્પાદ, નાગ, કિંસ્તુઘ્ન

ચર કરણો : બવ, બાલવ, કૌલવ, તૈતિલ, ગર, વણિજ, વિષ્ટિ

| શુદિના કરણો | | | વદિના કરણો | | |
|---|---|---|---|---|---|
| તિથી | પહેલો ભાગ | બીજો ભાગ | તિથિ | પહેલો ભાગ | બીજો ભાગ |
| ૧ | કિસ્તુઘ્ન | બવ | ૧ | બાલવ | કૌલવ |
| ૨ | બાલવ | કૌલવ | ૨ | તૈતિલ | ગર |
| ૩ | તૈતિલ | ગર | ૩ | વણિજ | વિષ્ટિ |
| ૪ | વણિજ | વિષ્ટિ | ૪ | બવ | બાલવ |
| ૫ | બવ | બાલવ | ૫ | કૌલવ | તૈતિલ |
| ૬ | કૌલવ | તૈતિલ | ૬ | ગર | વણિજ |
| ૭ | ગર | વણિજ | ૭ | વિષ્ટિ | બવ |
| ૮ | વિષ્ટિ | બવ | ૮ | બાલવ | કૌલવ |
| ૯ | બાલવ | કૌલવ | ૯ | તૈતિલ | ગર |
| ૧૦ | તૈતિલ | ગર | ૧૦ | વણિજ | વિષ્ટિ |
| ૧૧ | વણિજ | વિષ્ટિ | ૧૧ | બવ | બાલવ |
| ૧૨ | બવ | બાલવ | ૧૨ | કૌલવ | તૈતિલ |
| ૧૩ | કૌલવ | તૈતિલ | ૧૩ | ગર | વણિજ |
| ૧૪ | ગર | વણિજ | ૧૪ | વિષ્ટિ | શકુનિ |
| ૧૫ | વિષ્ટિ | બવ | ૩૦ | ચતુષ્પાદ | નાગ |

## રાશિઓ વિશેની માહિતી

રાશિઓ બાર છે. તેમના નામ તથા નામાક્ષર નીચે પ્રમાણે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. મેષ | અ.લ.ઈ. | ૫. સિંહ | મ.ટ. | ૯. ધન | ભ.ધ.ફ.ઢ. |
| ૨. વૃષભ | બ.વ.ઉ. | ૬. કન્યા | પ.ઠ.ણ. | ૧૦. મકર | ખ.જ. |
| ૩. મિથુન | ક.છ.ઘ. | ૭. તુલા | ર.ત. | ૧૧. કુંભ | ગ.શ.સ. |
| ૪. કર્ક | ડ.હ. | ૮. વૃશ્ચિક | ન.ય. | ૧૨. મીન | દ.ચ.ઝ.થ |

## રાશિઓનું દિશા સ્વામીપણું

| | | | | |
|---|---|---|---|---|
| ૧. મેષ | સિંહ | ધન | ________ | પૂર્વ |
| ૨. વૃષભ | કન્યા | મકર | ________ | દક્ષિણ |
| ૩. મિથુન | તુલા | કુંભ | ________ | પશ્ચિમ |
| ૪. કર્ક | વૃશ્ચિક | મીન | ________ | ઉત્તર |

## રાશિઓના તત્વ

**(૧) અગ્નિતત્વ : મેષ, સિંહ, ધન.**

આ ફળદ્રુપ રાશિઓ છે. ગરમી, કાર્યશક્તિ, ધગશ, સાહસ, વિકાસ, પરિવર્તન, વિસ્તરણ, પ્રગતિશીલતા. મેષ કરતા સિંહમાં અને સિંહ કરતા ધન રાશિમાં અગ્નિતત્વ વધારે છે.

**(૨) પૃથ્વીતત્વ : વૃષભ, કન્યા, મકર**

શાંત, સહનશીલતા, મહેનત, ખંત, જડતા, સંગ્રહખોરી, વ્યવહારપણું, સ્વરક્ષણ, રૂઢિચુસ્તતા, થોડે ઘણે સંકુચિત.

**(૩) વાયુતત્વ : મિથુન, તુલા, કુંભ**

ચંચળતા, મન, કલ્પના, સંદેશાવ્યવહાર, સાંકળ, છટકી જનાર, બુદ્ધિ, પ્રાધાન્યતા, છેતરપિંડી, વિદ્વતા, સમતા

**(૪) જળતત્વ : કર્ક, વૃશ્ચિક, મીન**

સંવેદન, લાગણી પ્રધાનતા, શાંત, ગંભીર, કલ્પના શક્તિ, શરમાળ, માનવતાવાદી, સેવાભાવી, અંતઃસ્ફુરણા, ગૂઢમન, આળસુ.

## રાશિઓના સ્વભાવ

**(૧) ચર : મેષ - કર્ક - તુલા - મકર.** તમસ્

ગતિશિલતા, પ્રગતિ, ઉદ્યમી, સાહસિક, ઉગ્ર

**(૨) સ્થિર : વૃષભ - સિંહ - વૃશ્ચિક - કુંભ** રાજસ્

દઢતા, વ્યવહારિક્તા, સંકુચિતતા, સહનશીલતા, કુટિલતા, મક્કમતા, જીદ્દીપણું

**(૩) દ્વિસ્વભાવ : મિથુન - કન્યા - ધન - મીન** સત્વ

સંયમ, મધ્યમમાર્ગી, નિતિ-નિયમ, રૂઢિચુસ્તતા, બુદ્ધિશાળી, પહેલા ભાગમાં સ્થિર, બીજા ભાગમાં ચર

## રાશિઓના પુરૂષ - સ્ત્રીત્વ

**(૧) પુરૂષ રાશિ : વિષમ - એકી રાશિઓ**

" મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, કુંભ

" અહં, અધિકાર પદ, પ્રવૃત્તિશીલતા, સર્જન, આપખુદીપણુ

**(૨) સ્ત્રી રાશિ : સમ - બેકી રાશિઓ**

" વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર, મીન.

" નમ્રતા, ફળદ્રુપતા, સહનશીલતા, સંયમ, સેવા

## રાશિઓના અધિપતિ ગ્રહ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મેષ | - | મંગળ | સિંહ | - | સૂર્ય | ધન | - | ગુરૂ |
| વૃષભ | - | શુક્ર | કન્યા | - | બુધ | મકર | - | શનિ |
| મિથુન | - | બુધ | તુલા | - | શુક્ર | કુંભ | - | શનિ |
| કર્ક | - | ચંદ્ર | વૃશ્ચિક | - | મંગળ | મીન | - | ગુરૂ |

" ભાવોની સંજ્ઞા :

| | | |
|---|---|---|
| ૧ - ૪ - ૭ - ૧૦ | : | કેન્દ્ર (કણ્ટક) ચતુષ્ટય |
| ૫ - ૯ | : | ત્રિકોણ |
| ૨ - ૫ - ૮ - ૧૧ | : | પણફર |
| ૩ - ૬ - ૯ - ૧૨ | : | અપોકલીમ |
| ૩ - ૬ - ૧૦ - ૧૧ | : | ઉપચય |
| ૪ - ૮ | : | ચતુરસ્ત્ર |

## ભાવો વિષે વિસ્તૃત માહિતી




<u>પહેલો ભાવ</u> : લગ્ન સ્થાન - તનુભાવ - દેહભુવન

<u>પર્યાય</u> : શક્તિ, કલ્પ, ઉદય, આદ્ય, જન્મ, વિલગ્ન, હોરા, તનુ.

<u>વિચારણીય બાબતો</u> : શરીર, સ્થુલ દેહ (જાડા-પાતળાપણું, ઉંચાઈ, ટૂંકાપણું, આકાર, રંગ વગેરે) બંધારણ, સ્વરૂપ (દેખાવ), સ્વપ્રયત્ન, આયુષ્ય, ચારિત્ર્ય, ઈચ્છાઓ, મનોબળ, માનસિક વલણ, મસ્તક, વ્યવસાય, સંતોષ, બળ, કિર્તી, પુત્રનું ભાગ્ય, ભાવી જન્મ, સાળાનો પુત્ર, માના બાપ (નાના), પિતાની મા (દાદી), મન પ્રકૃતિ, પૂર્વ દિશા.

<u>કારક ગ્રહ</u> : સૂર્ય

<u>બીજો ભાવ</u> : ધનસ્થાન - કુટુંબસ્થાન - ધનભુવન

<u>પર્યાય</u> : સ્વ. કુટુંબ, વાક્, ભક્તિ, નયન, અર્થ.

<u>વિચારણીય બાબતો</u> : ધન, સ્થાવર જંગમ મિલકત (આડકતરો સંબંધ), કુટુંબ (પત્ની, પતિ, મા, બાપ, ભાઈ, બહેન, કાકાનું કુટુંબ), વાણી, જમણી આંખ, કુળ, ધનનો સંચય, દાંત, વ્યસન, વેપાર (આડકતરો સંબંધ), સોનું, મણિ, રત્નો, લાભ-હાનિ, મહત્વકાંક્ષા, પુત્રોની આબરૂ, વારસાગત સંપત્તિ, વિદ્યા, સૌંદર્ય, ટેવો.

<u>કારક ગ્રહ</u> : ગુરૂ

<u>ત્રીજો ભાવ</u> : પરાક્રમ ભુવન - ભ્રાતૃસ્થાન - સહજ સ્થાન

<u>પર્યાય</u> : પૌરૂષ, વિક્રમ, દુશ્ચિક્ય, સહોદર, વીર્ય, ધૈર્ય, કર્ણ, સહજ.

<u>વિચારણીય બાબતો</u> : નાના ભાઈ - ભાંડુઓ, પરાક્રમ, જમણો કાન, ટૂંકો પ્રવાસ, પુસ્તક પ્રકાશન, પત્ર વ્યવહાર, સંદેશા વ્યવહાર, નોકર-ચાકર, કરાર, સગાસંબંધી, ઈશાન ખૂણો, દુભાષિયો, તાર, ટપાલ, ટેલીફોન, ફેક્સ, જાસુસી, સલાહ આપવી, ટ્રાન્સપોર્ટ, ટુરીઝમ, ગાઈડ, કેળવણીથી પ્રાપ્ત બુદ્ધિ, દસ્તાવેજ, પાડોશી, ખભો, જમણો હાથ, સંગીત, કાર્ય સફળતા, ગુપ્ત શત્રુ, મહત્વના ફેરફાર, દમ, ક્ષય, શ્વાસ, દલાલી, આંગડીયા, સમકાલીન સંબંધીઓ, અક્ષર.

<u>કારક ગ્રહ</u> : મંગળ

<u>ચોથો ભાવ</u> : માતૃસ્થાન - સુખસ્થાન

<u>પર્યાય</u> : બાન્ધવ, ગૃહ, ચતુરસ્ત્ર, સુખ, જલ, પાતાલ, બન્ધુ, હિબુક, વૃદ્ધિ, ચિતિ, વિદ્યા, યાન, ગેહ, ચતુષ્ટય, અંબુ, અર્ક્ષ

<u>વિચારણીય બાબતો</u> : માતા, સુખ, મકાન, વાહન, વંશપરંપરાગત મિલ્કત, જમીન, ખેતીવાડી, બાગબગીચા, સ્કુલ-કોલેજનું શિક્ષણ, મન, હૃદય, તૃષ્ણા, લાલસા, મહત્વાકાંક્ષા, ગાઢપ્રેમ, ગાઢમિત્રો, ઉપવસ્ત્ર, એક નામ પાતાલ છે જે ઉંડાણનું સૂચક છે. જીંદગીની પાછલી અવસ્થા, વિરોધપક્ષ, છાતી, ઉત્તરદિશા, સ્થાવર મિલ્કત, પરદેશગમન (આડકતરી રીતે ૪ થે પાયે પાપગ્રહનું ભ્રમણ ઘર છોડાવે) પશુપાલન, ખાણ, વતન, ગુપ્તધન (આડકતરી રીતે), માતાનું સુખ, સસરા, હોજરી, લીવર, પીઠના દર્દ.

<u>માતાનો કારક</u> : ચંદ્ર  જમીન જાયદાદનો કારક : મંગળ

<u>કારક ગ્રહો</u> : ચંદ્ર, બુધ

<u>પાંચમો ભાવ</u> : સન્તાન ભુવન - વિદ્યાસ્થાન

<u>પર્યાય</u> : પ્રતિભા, ત્રિકોણ, ધી, દેવ, રાજ, પિતૃ, નન્દન, પંચક

વિચારણીય બાબતો : સન્તાન (કેવાં), સન્તાન જન્મ, સન્તાન સુખ, મંત્ર-તંત્ર, વિદ્યા, જ્ઞાન, ગૂઢજ્ઞાન, ઉપાસના, સટ્ટો, જુગાર, લોટરી, શરતો, સાહસ, આવડત, પ્રેમ-પ્રણય, મોજશોખ, સમાજની પ્રવૃત્તિ, રાજકારણ, રોગનો ઉપાય, પૂર્વ-પુણ્ય, ગતજન્મ, વૈભવ, પેટ, યંત્રવિદ્યા, વાયવ્ય ખૂણો, આધ્યાત્મિક જ્ઞાન, ભોજપત્ર, ગર્ભાવસ્થા, રમત-ગમત, લેખન-કળા, કવિત્વ શક્તિ, જાતિ વ્યવસ્થા, યાદશક્તિ, મિત્ર-પત્ની, આરાધ્ય દેવ, શિષ્ય.

**કારક ગ્રહ** : ગુરૂ

**છઠ્ઠો ભાવ** : રોગ - શત્રુ ભુવન

**પર્યાય** : અંગ, અરિ, વ્રણ, ષટકોણ, શસ્ત્ર, ક્ષત, ભય, રિપુ.

**વિચારણીય બાબતો** : રોગ (કેવા ? જલ્દી મટે તેવાં કે લાંબા ગાળે મટે તેવાં), શત્રુ (આપણને પરેશાન કરે તેવાં કે આપણે તેમના પર વિજય મેળવીએ તેવાં), દૈનિક કાર્ય, નોકરી, નોકર-ચાકર, પશુ, માંદગી, દેવું, ઉછીના પૈસા લેવા-દેવા, મોસાળ, જ્ઞાતિ, શરાફીનો ધંધો, બેંકીંગનો ધંધો, ઈન્વેસ્ટમેન્ટ (શેરોમાં), વ્યાજની આવક, નોકરીમાં હેરાનગતિ, જોબવર્ક, સેવા, હલકા માણસો, મામા, માસી, જેલ, (આડકતરી રીતે), ઓપરેશન, ભાડુઆત, આંતરડા, ગુદા, કાકી, ફૂઆ.

**કારક ગ્રહો** : શનિ - મંગળ

**સાતમો ભાવ** : કલત્ર સ્થાન

**પર્યાય** : કામ, ધૂન, જાયા, અસ્તમય. જામિત્ર, ગમન, સમ્પત, અસ્ત, મદ, કલત્ર.

વિચારણીય બાબતો : પતિ, પત્ની, ભાગીદારી, દામ્પત્ય સુખ, કોર્ટ કચેરી, જાહેર સામાજીક જીવન, પ્રજનન અવયવો, છુટાછેડા, ગ્રાહક, સામો પક્ષ, પશ્ચિમ દિશા, જનતા, પ્રશ્નકુંડળીમાં ચોરનું સ્થાન, ગુમ થઈ ગયેલી કે જતી રહેલી વ્યક્તિનું સ્થાન, મુસાફર, કામવાસના, કામકલાની જાણકારી, મનમેળ, ખુલ્લા દુશ્મનો, ચોરવૃત્તિ, જાહેર વિરોધો, કરાર, દરિયાઈ મુસાફરી, કમર, મૂત્રાશય.

**કારક ગ્રહ** : પુરૂષો માટે - શુક્ર અને સ્ત્રીઓ માટે - ગુરૂ

**આઠમો ભાવ** : આયુષ્ય - મૃત્યુભુવન

**પર્યાય** : વિનાશ, દેહવિવર, છિદ્ર, ચતુરસ્ત્ર, રન્ધ્ર, આયુ.

**વિચારણીય બાબતો** : આયુષ્ય, મૃત્યુ, વારસો, અકસ્માત, ભયંકર નુકશાન, સ્ત્રીધન, ભાગીદારનું ધન, વૈરાગ્ય, આપઘાત, અણધાર્યું કે ધીમું મોત, હાર મળવી, વૈધવ્ય, નષ્ટદ્રવ્ય, દટાયેલું ધન, આકસ્મિક ધનલાભ, ગૂઢવિદ્યા, લાંબી માંદગી, ગુપ્તરોગ, ભાઈ-ભાંડુઓ માટેનો સંકેત, દારિદ્રય, અવયવની ખરાબી, જનનેન્દ્રિય, સ્ત્રી માટે પતિના આયુષ્યનું સ્થાન, શ્વસુર પક્ષ, ઓપરેશન, પત્નીનું કુટુંબ

**કારક ગ્રહ** : શનિ

**નવમો ભાવ** : ભાગ્યભુવન - ધર્મસ્થાન

**પર્યાય** : ગુરૂ, તપ, ત્રિકોણ, ધર્મ, શુભ, નવ, ભાગ્ય

**વિચારણીય બાબતો** : ધર્મ, પિતા, લાંબીયાત્રા, સાળા, સાળી, નણંદ, દિયર, ભોજાઈ, બનેવી, ગુરૂ, ઉપદેશક, દેવપૂજા, પરદેશગમન, પ્રકાશન, ઉચ્ચતર અભ્યાસ, સંશોધન, આધ્યાત્મિક ભાવ, જ્ઞાન-વિજ્ઞાન, ઔષધિ, રાજ્યાભિષેક, ઘોડા, હાથી, ઐશ્વર્ય, સન્યાસ, પિતાનું મૃત્યુ, બીજું લગ્ન, મોટી ઉંમરે થતા લગ્ન, ધર્મત્યાગ, દરિયાઈ મુસાફરી, પૂર્વ

જન્મના પાપ-પૂણ્ય, પૂજા, પાઠ, વ્રત, ઉપવાસ, યાત્રા (સુખદ કે કષ્ટદાયક), ગુરૂ કેવા મળે, ઉત્તર ભારતમાં પિતાનું સ્થાન દસમું ગણે છે. દક્ષિણ ભારતમાં નવમું ગણે છે. આપણે બંને સ્થાનોનો વિચાર કરવો. પિતા સરળતાથી કમાયા હોય કે કષ્ટથી, પિતાનું મૃત્યુ, પિતા પર આવતી ઘાત, ગુરૂનો વિયોગ, ખોવાયેલી વ્યક્તિ કે મુસાફરે પાછા ફરવા કેટલો માર્ગ કાપ્યો છે તે જાણવા માટે, જાંઘ.

મંગળ - રાહુ : મુસલમાન સાથે સંબંધ

શુક્ર - રાહુ : ખ્રીસ્તી, પારસી સાથે સંબંધ

ગુરૂ - રાહુ : વડીલોની પત્ની, ગુરૂપત્ની સાથે સંબંધ

<u>કારક ગ્રહો</u> : સૂર્ય - ગુરૂ

<u>દસમો ભાવ</u> : કર્મસ્થાન - પિતૃસ્થાન

<u>પર્યાય</u> : માન, કર્મ, આજ્ઞા, મેષૂરણ, ગગન, વ્યાપાર, જ્ઞાન, રાજ, આસ્પદ.

<u>વિચારણીય બાબતો</u> : કર્મ, ધંધો, પ્રતિષ્ઠા, વ્યવસાય, અધિકાર, પદ, શેઠ, માલિક, વૈભવ, જાહોજલાલી, સમૃદ્ધિ, માન, વૃદ્ધજનો, મંત્રસિધ્ધિ, પિતા, પિતા તરફથી મળતો વારસો, કાર્યમાં યશ, રાજકારણ, સરકાર, સાસુ, રાજદ્વારી સંબંધો, સર્વોચ્ચ સત્તા, શાસકપક્ષ, મુસાફરી થશે કે નહી, જાહેરજીવન, દક્ષિણ દિશા, દસમાનો છઠ્ઠા સાથે સંબંધ હોય તો નોકરી કરવી પડે. ત્રીજા સાથે સંબંધ હોય તો દલાલી, કમીશનથી ફાયદો, આદર સત્કાર.

<u>કારક ગ્રહો</u> : સૂર્ય - બુધ - ગુરૂ - શનિ.

<u>અગિયારમો ભાવ</u> : લાભસ્થાન

<u>પર્યાય</u> : ભવ, એકાદશ, ઉપાન્ત્ય, આદ્ય, લાભ.

<u>વિચારણીય બાબતો</u> : મોટા ભાઈ-બહેન, મિત્રો, ઈચ્છાશક્તિ, માંગલિક કાર્યો, યશ, કિર્તિ, ઉપરીની કૃપા, આવક, આશા ફળીભૂત થવી, જાહેરજીવન, કોર્ટ કજીયામાં સફળતા, ચૂંટણી, સાથી, ડાબો કાન, જામીનગીરી, આર્થિક લાભ, અલંકાર, મહત્વકાંક્ષા, વિકાસ, પગના નળા, જમાઈ, પુત્રવધુ, અધિકારી વર્ગની મહેરબાની, આ સ્થાન બગડે તો કશું મળે નહિ.

<u>કારક ગ્રહ</u> : ગુરૂ

<u>બારમો ભાવ</u> : વ્યયસ્થાન - મોક્ષસ્થાન

<u>પર્યાય</u> : રિષ્ફ, વ્યય, દ્વાદશ, અન્ત્ય.

<u>વિચારણીય બાબતો</u> : ખર્ચ, વ્યય, ભોગવિલાભ, ભોગની રીતો, રાજ્યભય, બંધન, જેલ, ડાબી આંખ, ત્રાસ, ચિંતા, ગુપ્તભાવ, ગુપ્તપ્રેમ, રહસ્યમય કાર્યો, ગુપ્ત એજન્સી, જાસુસી, મોક્ષ, જુદ્ઘાપણું, છુટાછેડા, અજાણ્યા પ્રદેશમાં વસવાટ, પરદેશગમન, શૈયાસુખ, ગૂઢવિદ્યા, આધ્યાત્મિક પ્રગતિ, મૃત્યુ પછીના જીવનનો વિચાર, ધનહાનિ, ખોટ, નુકશાન, દંડ, ગુપ્ત દુશ્મન, પગના તળિયા, ખૂન, સદ્ગતિ, અંગૂઠા, કાકા, ફોઈ, મામી, માસા.

<u>કારક ગ્રહ</u> : શનિ

## ગ્રહો વિષે વિસ્તૃત માહિતી

**૧. ગ્રહો બાર છે :**

સૂર્ય, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, હર્ષલ, નેપચ્યુન, પ્લુટો

**૨. ગ્રહોનું રાશિ અધિપતિત્વ (સ્વગૃહી) :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| મેષ - વૃશ્ચિક | :- મંગળ | કર્ક | :- ચંદ્ર | મીન | :- કેતુ |
| વૃષભ - તુલા | :- શુક્ર | સિંહ | :- સૂર્ય | કુંભ | :- હર્ષલ |
| મિથુન - કન્યા | :- બુધ | મકર - કુંભ | :- શનિ | મીન | :- નેપ્ચ્યુન |
| ધન - મીન | :- ગુરૂ | કન્યા | : રાહુ | વૃશ્ચિક | :- પ્લુટો |

**૩. ગ્રહોની ઉચ્ચ અને નીચ રાશિઓ :**

| ગ્રહ | ઉચ્ચ | નીચ | ગ્રહ | ઉચ્ચ | નીચ |
|---|---|---|---|---|---|
| સૂર્ય | મેષ | તુલા | શનિ | તુલા | મેષ |
| ચંદ્ર | વૃષભ | વૃશ્ચિક | રાહુ | મિથુન | દાન |
| મંગળ | મકર | કર્ક | કેતુ | ધન | મિથુન |
| બુધ | કન્યા | મીન | હર્ષલ | વૃશ્ચિક | વૃષભ |
| ગુરૂ | કર્ક | મકર | નેપચ્યુન | કર્ક | મકર |
| શુક્ર | મીન | કન્યા | પ્લુટો | મેષ | તુલા |

**૪. ગ્રહોની નિશાની :**

સૂર્ય ☉ ચંદ્ર ☽ મંગળ ♂ બુધ ☿ ગુરૂ ♃ શુક્ર ♀

શનિ ♄ રાહુ ☊ કેતુ ☋ હર્ષલ ♅ નેપચ્યુન ♆ પ્લુટો ♇

**૫. સૌમ્ય ગ્રહ :** ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર

**૬. પાપ ગ્રહ :** સૂર્ય (ક્રુરગ્રહ), મંગળ, શનિ, રાહુ, કેતુ

**૭. ગ્રહોની મૂળ ત્રિકોણ રાશિ :**

સૂર્ય - સિંહ   ચંદ્ર - વૃષભ   મંગળ - મેષ   બુધ - કન્યા

ગુરૂ - ધન   શુક્ર - તુલા   શનિ - કુંભ   રાહુ - કન્યા

**૮. ગ્રહોના પરમ ઉચ્ચાંશ અને પરમનીચાંશ :**

| ગ્રહ | ઉચ્ચાંશ | નીચાંશ | ગ્રહ | ઉચ્ચાંશ | નીચાંશ |
|---|---|---|---|---|---|
| સૂર્ય | મેષના ૧૦° | તુલાના ૧૦° | ગુરૂ | કર્કના ૫° | મકરના ૫° |
| ચંદ્ર | વૃષભના ૩° | વૃશ્ચિકના ૩° | શુક્ર | મીનના ૨૭° | કન્યાના ૨૭° |
| મંગળ | મકરના ૨૮° | કર્કના ૨૮° | શનિ | તુલાના ૨૦° | મેષના ૨૦° |
| બુધ | કન્યાના ૧૫° | મીનના ૧૫° | રાહુ | મિથુનના ૧૫° | ધનના ૧૫° |

## ૯. ગ્રહોના સ્વગૃહી - મૂળ ત્રિકોણાંશ - ઉચ્ચાંશ :

| ગ્રહ | મૂ.ત્રિ. | સ્વગૃહી | ઉચ્ચના |
|---|---|---|---|
| સૂર્ય | સિંહના ૨૦° સુધી | સિંહના ૨૦° થી ૩૦° | - |
| ચંદ્ર | વૃષભના ૩° થી ૨૭° | - | વૃષભના ૦°-૩° સુધી |
| મંગળ | મેષના ૧૨° સુધી | મેષના ૧૨° થી ૩૦° | - |
| બુધ | કન્યાના ૧૫° થી ૨૦° | કન્યાના ૨૦° થી ૩૦° | કન્યાના ૧૫° સુધી |
| ગુરૂ | ધનના ૦° થી ૨૦° | ધનના ૨૦° થી ૩૦° | - |
| શુક્ર | તુલાના ૦° થી ૨૦° | તુલાના ૨૦° થી ૩૦° | - |
| શનિ | કુંભના ૦° થી ૨૦° | કુંભના ૨૦° થી ૩૦° | - |

## ૧૦. સૂર્યની સમીપ કેટલા અંશોમાં ગ્રહ આવવાથી તે અસ્તનો ગણાય તે નીચે પ્રમાણે છે.

| ગ્રહ | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | વક્રીબુધ | વક્રીશુક્ર |
|---|---|---|---|---|---|---|---|---|
| કાલાંશ | ૧૨° | ૧૭° | ૧૩° | ૧૧° | ૧૫° | ૧૫° | ૧૨° | ૮° |

## ૧૧. ગ્રહોનું શુભત્વ - પાપત્વ :

ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર - શુભ
ક્ષીણ ચંદ્ર - પાપ
બુધ - શુભ સાથે શુભ, પાપ સાથે પાપ
મંગળ, શનિ, રાહુ, કેતુ - પાપ ગ્રહ
સૂર્ય - ક્રૂર ગ્રહ

## ૧૨. ગ્રહોની દૃષ્ટિઓ :

સૂર્ય - ચંદ્ર - બુધ - શુક્ર - ૭મે દૃષ્ટિ કરે.
મંગળ - ૪થે, ૭મે, ૮મે દૃષ્ટિ કરે
ગુરૂ - ૫મે, ૭મે, ૯મે દૃષ્ટિ કરે
શનિ - ૩જે, ૭મે, ૧૦મે દૃષ્ટિ કરે
રાહુ - કેતુ - કોઈ દૃષ્ટિ ગણવામાં આવતી નથી.

## ૧૩. ગ્રહોનું કારકત્વ :

| ગ્રહ | કારકભાવ | ગ્રહ | કારકભાવ |
|---|---|---|---|
| સૂર્ય | ૧, ૯, ૧૦ | ગુરૂ | ૨, ૫, ૯, ૧૦, ૧૧ |
| ચંદ્ર | ૪ | શુક્ર | ૭ |
| મંગળ | ૩, ૬ | શનિ | ૬, ૮, ૧૦, ૧૨ |
| બુધ | ૪, ૧૦ | | |

કારકો પોતાના ભાવમાં નબળા છે. સિવાય કે શનિ ૮મે, ગુરૂ ૨જે અને ચંદ્ર - બુધ ૪થે નુકશાનકર્તા નથી.

**૧૪. ગ્રહોનું અધિપતિત્વ :**

| | | | |
|---|---|---|---|
| ચંદ્ર, શુક્ર | - સ્ત્રીઓના | મંગળ | - ક્ષત્રિયોનો |
| બુધ, શનિ | - નપુંસકોના | ચંદ્ર | - વૈશ્યોનો |
| સૂર્ય, મંગળ, ગુરૂ | - પુરૂષોના | બુધ | - શુદ્રોનો |
| ગુરૂ, શુક્ર | - બ્રાહ્મણોના | શનિ | - સંકર જાતિનો |

## સૂર્ય - SUN ⊙

**પર્યાય :** હેલી, ભાનુ, દિપ્તરશ્મિ, ચણ્ડાશું, ભાસ્કર, અહસ્કર, તપન, દિનકૃત, પૂષા, અરૂણ, અર્ક

**સ્વરૂપ :** સપ્રમાણ શરીર, પહોળા ખભા, તાંબા જેવો લાલ રંગ, થોડા ઘૂંઘરાળા વાળ, સુન્દર બુદ્ધિ, ગંભીર વાણી, મધના રંગ જેવી લાલ આંખો, શુર, પ્રતાપી, સ્થિર, લાલ અને કૃષ્ણવર્ણનું શરીર, મજબુત હાડકાં, સત્વગુણ પ્રધાન, ફર્યા કરનાર, સંક્ષિપ્તમાં વાક્યનો અર્થ કહેનાર, દૈવી બુદ્ધિવાળો.

ગ્રહોમાં સૂર્ય રાજા છે. પૂર્વ દિશાનો સ્વામી છે. મંદિરો તથા દેવઘરોમાં તેનું સ્થાન છે. ક્ષત્રિય વર્ણનો સત્વગુણી છે. દક્ષિણ દિશામાં તથા જન્મકુંડળીમાં દસમાં સ્થાનમાં તે બળવાન બને છે. માણેક તેનું રત્ન છે. તેના દેવતા અગ્નિ છે. શરીરમાં હાડકા પર તેનું પ્રભુત્વ છે. પુરૂષ સંજ્ઞક છે. તેનો અંક ૧ - ૪ છે. હ્રસ્વ છે. રક્તશ્યામ વર્ણનો છે. તેનો રસ કટુ (તીખો) છે. તેના દિપ્તાંશ ૧૫° છે. તેના ભાગ્યોદય વર્ષ ૨૨ છે. માથાના અને મુખના રોગો માટે કારણભૂત થાય છે. તેની જપસંખ્યા ૭૦૦૦ છે. દાન માટેની વસ્તુઓ ઘઉં તથા સવત્સ ગાય તથા તાંબાના રંગના વસ્ત્રો છે. પીડા પરિહાર માટે - ગોળ, સોનું અને તાંબાનું દાન કરવું.

**લગ્નેશ સૂર્ય :**

સપ્રમાણ પણ પાતળો બાંધો, લંબગોળ ચહેરો, મહેનતુ, ક્રોધ મર્યાદામાં, કામીપણું મર્યાદામાં, રક્ષણ કરવાનો અને પાલન કરવાનો ગુણ.

બ્રહ્માંડનાં બધા સૂત્રોને નિયમિતપણે ચલાવનાર આ રાજા છે. રાજાને ક્ષણમાત્રનો પણ વિશ્રામ નથી. પ્રજાનું કલ્યાણ કરવું એજ એનું કાર્ય છે. રાજા જેવું સન્માન જ્યાં મળે ત્યાં જ જાય નહીં તો ત્યાં પગ પણ ન મૂકે. પારકાં અને પોતાના એવો ભેદભાવ ન રાખતાં તટસ્થપણે ન્યાય કરવો એને માટે રમત વાત છે. સમયબદ્ધતા, સુવ્યવસ્થા અને ટાપટીપ એ એનો સ્થાયી ગુણ છે. સહેજ પણ અપમાન તેનાથી સહન થતું નથી. વચનબદ્ધતા એ

એનું પ્રતિક છે. વિલાસીપણું, શ્રૃંગાર કે નખરાં પ્રત્યે તિરસ્કાર છે. તેવી રીતે ગુરૂ કરવા, પથરા એટલા દેવ પૂજવા વગેરે બાહ્યોપચાર પણ તેને ગમતાં નથી. કર્તવ્ય પરાયણ હોવું અને થવું એ જ પોતાનું જીવનકાર્ય છે, એમ માનીને પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો એ જ એની પ્રવૃત્તિ છે. આત્મ સમર્પણ એનો મહામંત્ર છે. હંમેશા ગતિશીલ રહેવું એ તેનું તત્વ છે. આ ગુણોને લીધે જ સચરાચર સૃષ્ટિ પર તેના પરિણામો જોવા મળે છે. શ્રૃંગાર ન ગમતો હોવાને કારણે કુંડળીમાં સૂર્ય-શુક્ર યુતિ ફળદાયી ઠરતી નથી. સૂર્ય પરથી પિતાની સ્થિતિનો ખ્યાલ આવે. સૂર્યની ચમક એટલે અંધકારરૂપી અજ્ઞાનનો નાશ. પિત્ત પ્રકૃતિ અને અગ્નિતત્વનો ગ્રહ હોવાથી શરીર ગરમ રહે. સૂર્ય એટલે પ્રકાશ. જ્યાં પ્રકાશ નથી ત્યાં જીવન નથી.

૧લે સૂર્ય : શુભ, સપ્રમાણ શરીર, પ્રભાવી, દમામદાર, બાળપણમાં આરોગ્ય નબળું.

૨જે સૂર્ય : મુખ, આંખ સંબંધી રોગ, ગર્વિષ્ઠ, સ્પષ્ટ વક્તા, સારા કામોમાં ખર્ચ

૩જે સૂર્ય : પ્રતાપી, પરાક્રમી, વિદેશભ્રમણ, પિતાનું એકમાત્ર સંતાન હોવાની શક્યતા.

૪થે સૂર્ય : અશાન્ત ચિત્ત, હૃદયરોગ, હીનાંગ, મંદબુદ્ધિ, અધિકારી

૫મે સૂર્ય : સન્તાન પ્રાપ્તિમાં કષ્ટ, શિવભક્ત, ક્રોધી, મંત્રશાસ્ત્રી

૬ઠે સૂર્ય : શત્રુ વિજય, ચોપગાં પશુથી ઈજા, પીઠના દર્દો, મોસાળમાં કષ્ટ

૭મે સૂર્ય : અશુભ, વૈવાહિક સૌખ્યમાં ઉણપ, રાજ્યભય, મોડાં લગ્ન

૮મે સૂર્ય : અપમૃત્યુ, ગૃહ્યેન્દ્રિયોના રોગો, સ્ત્રી ધનની હાનિ, વારસામાં તકલીફ

૯મે સૂર્ય : સત્યવક્તા, દંભી, કર્મકાંડી, ન્યાયી, દેવ-બ્રાહ્મણોનો ભક્ત

૧૦મે સૂર્ય : કાર્ય સફળતા, રાજ્યકૃપા, યશસ્વી, રાજકારણમાં રસ

૧૧મે સૂર્ય : કિર્તી અને યશની પ્રાપ્તિ, પ્રિય વ્યક્તિથી વિરહ કે વિયોગ

૧૨મે સૂર્ય : નેત્રપીડા, અકસ્માત, ધનહાનિ, ધર્મત્યાગી, ખોડ

**કારકત્વ :**

આત્મા, પિતા, અધિકાર, આજીવિકા, શક્તિ, લાગવગ, વૈદક વિદ્યા, તેજસ્વીતા, પ્રતિષ્ઠા, સર્જન, અહં, ગરમી, ક્રૂરતા, છત્રછાયા, ઉજ્જડતા, આંખ, હૃદય, સતત પ્રવૃત્તિ, શિસ્ત, નિયમિતતા, પ્રભાવ, રાજકારણ, ધારાસભા, રાજ્યમાં હોદ્દાની નોકરી, સોનાના દાગીના, સોનું ગાળવાનું કે કસવાનું કામ, પુરૂષો સાથેનો વ્યવહાર, ઔષધી, હાર્ટએટેક, પિત્ત, માથાનો દુઃખાવો, ગરમીને લીધે થતા રોગો, ફ્રેક્ચર, આંખના રોગ, સંગીત, નૃત્ય, કેળવણી.

સ્વગૃહી રાશિ - સિંહ    ઉચ્ચ રાશિ - મેષ    નીચ રાશિ - તુલા.

એક રાશિમાં ૧ મહિનો રહે. ૧-૯-૧૦માં ભાવનો કારક.

## ચંદ્ર - MOON

**પર્યાય :** શશી, શીતરશ્મિ, અબ્જ, સોમ, શીતાંશું, ગ્લૌ, મૃગાક, કલેશ, શીતદ્યુતિ, ઉડુપતિ, ઈન્દુ, વિત્.

**ચંદ્રનું સ્વરૂપ :**

શાંત, શોભાયમાન નેત્ર, મિષ્ટ બોલનાર, સફેદ વર્ણ, કૃશ કે સુદૃઢ શરીર, ઉન્નત કાળા ઘુંઘરાળા વાળ, વિદ્વાન, મૃદુસ્વભાવ, સત્વગુણથી યુક્ત, સુંદર, કફ-વાત, મિશ્રિત પ્રકૃતિ, સ્ત્રીઓમાં આસક્ત, બુદ્ધિમાન.

ગ્રહોમાં ચંદ્ર રાણી છે. વાયવ્ય કોણનો સ્વામી છે. નદી, તળાવ કે દરિયા કિનારાના પ્રદેશોમાં તેનું સ્થાન છે. વૈશ્ય વર્ણનો સત્વગુણી છે. ઉત્તર દિશામાં તથા જન્મકુંડળીમાં ચોથાસ્થાનમાં તે બળવાન બને છે. તે પૃથ્વીનો ઉપગ્રહ છે. તેના દેવતા વરૂણ છે. સફેદ રંગ પર તેનું પ્રભુત્વ છે. હ્રસ્વ છે. શુભ ગ્રહ છે. ક્ષીણચંદ્ર પાપગ્રહમાં ગણાય છે. સ્ત્રી ગ્રહ છે. શરીરમાં લોહી પર તેનો પ્રભાવ છે. ખારો રસ તેના આધિપત્યમાં આવે છે. છાતી અને ગળાના રોગો માટે કારણભૂત થાય છે. તેના ભાગ્યોદય વર્ષ ૨૪ છે. મોતી તેનું રત્ન છે. મણિ પણ તેનું રત્ન છે. શીર્ષોદયી છે. તેના દીપ્તાંશ ૧૨° છે. તેના અંક ૨ અને ૭ છે. તેની જપસંખ્યા ૧૧૦૦૦ છે. તેની ધાતુ ચાંદી છે. તેના દાન ધાન્ય ધોળા ચોખા છે. કપૂર, દહીં, શંખ અને સાકર એ પણ તેના દાનની વસ્તુઓ છે. દાનની ધાતુ - ચાંદી.

બીજા ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે. જ્યારે ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. પૃથ્વીની સૌથી નજીક હોવાને કારણે તે સૌથી વધારે અસર કરે છે. જન્મ કુંડળીમાં જે સ્થાનમાં હોય તે પ્રમાણે મનની સ્થિતિ હોય. જલતત્વનો કારક હોવાથી બીજા ગ્રહની અસર જલ્દી પકડે છે.

ગ્રહ મંડળમાંનો સૌમ્ય, શીતળ, સદા આનંદિત રહેનાર, પણ વિલાસી, મનથી કોમળ અને બધાને પ્રિય એવો આ ચંદ્ર છે. ચંદ્ર ચંચળ છે તેથી મન પણ ભમરાની માફક ચંચળ છે. માતાનો કારક હોવાથી લાગણીશીલતા, પ્રેમ અને પાલનપોષણ એ એનાં કર્તવ્ય છે. દેવ-બ્રાહ્મણની ભક્તિ કરનાર છે. તેને સ્ત્રી સહવાસ ગમે છે. શારિરીક વારસો ચંદ્રને આભારી છે. ચંદ્ર બગડે એટલે લોહી બગડે. સ્ત્રીગ્રહ હોવાથી વાત્સલ્ય, પ્રેમ, લાગણી અને પોષણ એ એનાં કર્તવ્ય છે. મન ઘવાય તો ઈર્ષ્યા અને વેરઝેર ઉત્પન્ન થાય કલ્પનાશીલતા હોવાને કારણે લેખક, કવિ, ઈચ્છાશક્તિ, કાવ્યશક્તિ, ગાયન વગેરે માટે કારણભૂત થાય છે. માનસિક નબળાઈ, અસ્થિરપણું, વિચારશૂન્યતા, ગાંડપણ, હિસ્ટીરીયા, બ્લડકેન્સર, ટાઈફોઈડ, જલંદર, પાણીમાં ડૂબીને આપઘાત વગેરે રોગો માટે પણ કારણભૂત થાય છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જ્ઞાન આપવાની પદ્ધતિ, હીપ્નોટીઝમ, સંમોહન, વશીકરણ, એબનોર્મલ સાઈકોલોજી વગેરે માટે પણ કારણભૂત થાય છે. ચંદ્ર બગડેલો હોય તો અસ્થિર મગજ, ખરાબ સોબત, વાણીનો વ્યય, કામચોરપણું, આંખોનું

બગડવું, આંખમાં પાણી કે ઝામરની શક્યતાઓ વધે છે. ખરાબ ચંદ્રવાળા ૬૦% માણસોમાં ઓછાવત્તા પ્રમાણમાં ગાંડપણ જોવા મળે છે.

मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः ।

શુક્ર-ચંદ્ર સંબંધ હોય તો આનંદી, વિલાસી, રમણીઓનો સહવાસપ્રિય અને શુદ્ધ વિજાતીય પ્રેમ સંબંધો થાય.

૧લે ચંદ્ર : વિરહવેદના, પૂર્ણ ચંદ્ર શુભ, ક્ષીણ ચંદ્ર અશુભ
૨જે ચંદ્ર : શુભ, સુખી, નિરોગી, શાસ્ત્રપ્રેમી, ક્ષીણચંદ્ર અટકી અટકીને બોલનાર.
૩જે ચંદ્ર : વિનોદીપણું, વિદ્યાવ્યાસંગીપણું, કામાસક્ત, પ્રવાસી
૪થે ચંદ્ર : રાજ્યમાં અધિકાર, ખેતીવાડી તથા આયાત-નિકાસથી લાભ.
૫મે ચંદ્ર : સન્તાનસુખ, સ્ત્રી દેવતાની ઉપાસના, નિર્મળ બુદ્ધિ, જ્ઞાનપ્રાપ્તિ.
૬ઠ્ઠે ચંદ્ર : શત્રુભય, રોગી, બાલારીષ્ટ યોગ કરનાર, નિર્બળ શરીર
૭મે ચંદ્ર : સ્ત્રી સુખ, વિદેશયાત્રા, કામી, જીવનમાં મોડેથી સ્થિરતા
૮મે ચંદ્ર : રોગોથી પીડિત, અલ્પાયુ, જળઘાતનો ભય
૯મે ચંદ્ર : વિનોદી તથા વિદ્યાવ્યાસંગીપણું, ધાર્મિક, દરિયાઈ પ્રવાસ
૧૦મે ચંદ્ર : રાજ્યથી લાભ, કળાઓનો જાણકાર, પિતૃભક્ત
૧૧મે ચંદ્ર : રાજ્યમાં અધિકાર, મિત્રોથી લાભ, બહુશ્રુત, મોટાઈથી લાભ
૧૨મે ચંદ્ર : આંખોની તકલીફ, શુભકાર્યોમાં ખર્ચ, મદ્યપાન, વિદેશ-નિવાસ

**કારકત્વ :**

માતા, મન, વિચારશક્તિ, સુખ, રાજ્યકૃપા, જ્યોતિષ, લોહી, શારિરીક, વારસો, ભોગવિલાસ, ફળદ્રુપતા, પ્રવાહી, વિચાર, કલ્પના, સાહિત્ય, કલા, પ્રવાસ, ચંચળતા, ભાવના, શ્રૃંગાર, વાત્સલ્ય પ્રેમ, બાલિશપણું, રમતીયાળ વૃત્તિ, રહસ્યમંત્રી, પર્સનલ સેક્રેટરી, લોકશાહી સંસ્થાનું કાર્ય, ફળ ફળાદિનો વેપાર, લોક રંજનના કાર્યો, સુગંધિત વસ્તુઓનો વેપાર, દૂધ, દહીં, ઘી, માખણ વગેરેનો વેપાર, રાત્રે ચાલતા ધંધાઓ, સ્ત્રીઓના ડૉક્ટર (ગાયનેકોલોજીસ્ટ), દાયણ, નર્સ, આયાત નિકાસ, જીવન જરૂરીયાતની વસ્તુનો વેપાર, ચાંદી તથા વસ્ત્રોનો વેપાર, ૨-૬-૧૦મા ભાવ સાથે સંબંધ થાય તો સૌંદર્ય પ્રસાધનના ધંધા, તળાવ, કૂવા, બોરીંગ વગેરેના ધંધા, ખલાસી, સમુદ્રમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓ જેવી કે માછલી, મોતી, પરવાળા, મીઠું વગેરેનો વેપાર તથા વહાણવટાનો ધંધો, રેશમ અને રેશમી વસ્ત્રોનો વેપાર, ઠંડા પીણાં કે આઈસ્ક્રીમનો વેપાર, ચાંદીનો વેપાર.

સ્વગૃહી રાશિ - કર્ક ઉચ્ચ રાશિ - વૃષભ નીચ રાશિ - વૃશ્ચિક

એક રાશિમાં સવા બે દિવસ રહે. ૪થા ભાવનો કારક

## મંગળ - MARS ♂

**પર્યાય :** ક્રૂરદ્રક, ક્ષિતિનન્દન, ભૂમિનન્દન, આર, રક્ત, વક્ર, કુજ, આવનેય, ભૌમ, ક્રૂર, લોહિતાંગ, પાપી, ક્ષિતિજ, રૂધિર, અંગારક, ક્રૂરનેત્ર.

**મંગળનું સ્વરૂપ :**

દુષ્ટ દષ્ટિવાળો, નિત્યયુવાન, દાતા, પિત્તપ્રકૃત્તિ, અસ્થિર ચિત્ત, પાતળી કમર, પિંગળનેત્ર, દઢશરીર, મજબુત માંસપેસીઓ, વચનબદ્ધતા, શૂર, હિંસક, તમોગુણી, પ્રતાપી, સાહસી, અતિઉદાર, કામી, લાલ ગૌરવર્ણ, ગર્વિષ્ઠ, સત્વગુણપ્રધાન, તામસી સ્વભાવ, નેતા.

ગ્રહોમાં મંગળ સેનાપતિ છે. ક્ષત્રિય વર્ણનો તમોગુણી છે. અગ્નિસ્થાન તેનું સ્થાન છે. દક્ષિણ દિશાનો સ્વામી છે. દક્ષિણ દિશામાં તથા જન્મકુંડળીમાં દસમાં સ્થાનમાં તે બળવાન છે. તરૂણ છે. ક્રૂરગ્રહ છે. રાશિના આરંભે તે ફળ આપે છે. પરવાળું તેનું રત્ન છે. શરીરમાં માંસ અને મજ્જા પર તેનું પ્રભુત્વ છે. તેનો રંગ લાલ છે, પિત્ત પ્રકૃત્તિનો ગ્રહ છે. તેનો રસ તિક્ત (કડવો) છે. તેની ધાતુ સોનું છે, તેના ભાગ્યોદય વર્ષ ૨૮ છે. તેના દીપ્તાંશ ૮° છે. તેનો અંક ૯ છે. લોહી સાથે તેને સંબંધ છે. લોહીમાં લાલકણ રૂપે મંગળ જ છે. તેના દેવતા કાર્તિવીર્ય (સ્કંદ) છે. દાન ધાન્ય મસૂર અથવા દ્વિદળ ધાન્ય, દાનધાતુ – સુવર્ણ અને તાંબુ, તેના જપ ૧૦,૦૦૦ છે. સામવેદનો અધિપતિ છે.

અગ્નિતત્વના બે ગ્રહો સૂર્ય અને મંગળનો તુલનાત્મક અભ્યાસ

| | સૂર્ય | | મંગળ |
|---|---|---|---|
| ૧. | આત્માનો કારક છે. | ૧. | શરીરમાં રહેલી શક્તિનો કારક છે. |
| ૨. | સામાન્ય ઉત્સાહ | ૨. | ઝનૂની ઉત્સાહ |
| ૩. | ગતિનો કારક | ૩. | જડત્વનો કારક |
| ૪. | મહેનત કરીને શાંતિથી ધન મેળવે. | ૪. | સખત મહેનત કરીને જ ધન મેળવે. |
| ૫. | ક્રોધ પ્રસંગોપાત | ૫. | સખત અને અવિચારી ક્રોધ |
| | વાસનાઓ જરૂર પૂરતી | | વાસના અનેકગણી વધારે |
| ૬. | સફળતા-નિષ્ફળતાના આઘાત | ૬. | સફળતા-નિષ્ફળતાના આઘાત |
| | પ્રત્યાઘાત સહન કરી લે. | | પ્રત્યાઘાત તીવ્રપણે વર્તાય. |
| ૭. | સ્વાશ્રયની ખુમારી | ૭. | કામની આવડતની ખુમારી |

થોડી ઘણી જુગારી વૃત્તિ ધરાવે છે. શિસ્તમાં સખત માનનાર. પોતે શિસ્તમાં રહે અને બીજાને શિસ્તમાં રાખે. અન્યાય સહન ન થવાથી અવળે માર્ગે જાય. યુવાનીમાં જઠરાગ્નિ તેજ પછી પાચનની તકલીફ. સરળ બુદ્ધિના હોય. આંટી ઘૂંટી ન ગમે. ભોળપણ હોય. બીજા પર વિશ્વાસ જલ્દી મૂકે અને તેમાં છેતરાય. તે અવિચારી નથી પણ ન્યાયીપણું

અને સત્વશીલપણાંનું તે મૂર્તિમંત પ્રતિક છે. તે ન્યાયાધીશ છે. હુકમ કરવો અને તે હુકમનું તંતો તંત (શબ્દશઃ) પાલન કરાવવું તેને ગમે છે. તેમાં જો કોઈ આડુંઅવળું થયું તો પછી તેનો મિજાજ છટકે છે. તેને લીધે કેટલીક વાર અવિચારી પગલાં ભરાઈ જાય. જન્મકુંડળીમાં વૃષભ કે ધનના મંગળવાળાને આ બાબત પૂર્ણપણે લાગુ પડે છે. મંગળપ્રધાન વ્યક્તિઓ જેવી સોનાની પરખ ભાગ્યે જ બીજામાં જોવા મળે છે. રક્તાભિસરણ ક્રિયા અને પિત્તવિકાર પર તેનું પ્રભુત્વ છે. ચંદ્ર-મંગળ લક્ષ્મીયોગ ખરો પણ મહેનતથી જ ધન પ્રાપ્ત થાય એટલે મંગળને રગડાયા પછીનું રંગીલાપણું ગમે છે. વિવાહમાં મંગળને એટલા માટે જ મહત્વ આપવામાં આવે છે. કારણ કે શરીર સંબંધ એ માત્ર રંગીલાપણું નથી પણ તેને માટે પણ શારિરીક ક્ષમતાની જરૂર છે. સ્ત્રી વર્ગ માટે ચંદ્ર - મંગળ યુતિ હોય તો માસિક સ્ત્રાવમાં ગરબડની શક્યતા. બ્લડપ્રેશર, હાર્ટટ્રબલ, ગરમી, ફૂન્સી, ફોડા, રક્તવિકાર, કોઢ, ગુપ્તરોગ, શૂન્યમનસ્કતા, ગાંડપણ, શીતળા, ઓરી, અછબડા, બળીયા જેવા રોગો માટે કારણભૂત થાય છે.

| | | |
|---|---|---|
| ૧લે મંગળ | : | માથા કે ચહેરા પર ઘાનું નિશાન, પરાક્રમી, ક્રોધી, હઠાગ્રહી, નિરંકુશ |
| ૨જે મંગળ | : | વાણીમાં કુટીલતા, વગર લેવે દેવે ઝઘડો કરનાર, ખર્ચાળપણું. |
| ૩જે મંગળ | : | શત્રુનાશ, પરાક્રમી, નાનો ભાઈ ન હોય, પ્રવાસમાં કષ્ટ. |
| ૪થે મંગળ | : | સગા સંબંધીથી વિરોધ, લાલસા અને તૃષ્ણા વધારે. |
| ૫મે મંગળ | : | સ્પષ્ટ અને મોઢામોઢ કહેનાર, સંતાન પ્રાપ્તિમાં કષ્ટ, સટ્ટામાં નુકશાન |
| ૬ઠ્ઠે મંગળ | : | શત્રુવિજય, મોસાળમાં કષ્ટ, વાતશૂલ અને કુષ્ઠરોગની સંભાવના. |
| ૭મે મંગળ | : | પતિ-પત્નિમાં જુદાઈ માટે કારણભૂત, કામી, વિરોધીઓથી ત્રાસ |
| ૮મે મંગળ | : | વિચિત્ર જાતીય વર્તણુંક, ઓપરેશન, અકસ્માત, મૌની, ગુપ્તરોગ |
| ૯મે મંગળ | : | કુશાગ્ર બુદ્ધિ, પ્રસિદ્ધ, ૨૮મે વર્ષે ભાગ્યોદય, વિદેશમાં ભાગ્યોદય |
| ૧૦મે મંગળ | : | પરાક્રમથી કીર્તિ, ધન અને યશની પ્રાપ્તિ, કુળદીપક |
| ૧૧મે મંગળ | : | બોલવામાં કુટીલપણું, ઝઘડાળું, સન્તાન પ્રાપ્તિમાં કષ્ટ |
| ૧૨મે મંગળ | : | સહચરની કુટુંબની વ્યક્તિનો નાશ, જાતીય વિકૃતિ, વ્યસની. |

**કારકત્વ :**

તકરાર, ગુસ્સો, સાહસિકતા, ઝઘડાળુ સ્વભાવ, નેતાપદ, ઉછાછળાપણું, તીક્ષ્ણ હથિયારથી વાગવું, દાઝવું, ઈલેક્ટ્રીક શોક, એક્સીડેન્ટ, રમતગમત, નાના ભાઈ-બહેન, જમીન, બાંધકામ, મકાન, ક્રોધ, બહાદુરી, ગતિશીલતા, આગ, મશીનરી સ્પેર પાર્ટ્સ, મશીનરી અંગેનું કામકાજ, સૈનિક, પોલીસ, લશ્કર, મજૂરી, ખુશ્કી સૈન્યને લગતા ધંધા, સર્જન, મિકેનિક, લોખંડ અને વરાળથી ચાલતા યંત્રના ધંધા, એન્જીન ડ્રાઈવર, બેકરી, દારૂના ધંધા, સોનાના દાગીના બનાવવાનું કે સોનું કરાવવાનું કામ, ભૂગર્ભના રસાયણોનો વેપાર, ધાતુઓ કે વાસણોનો ધંધો, હોટેલ, લોજ, ગુપ્તચર વિભાગ, કાળાબજારના ધંધા,

અનાજ કરિયાણાનો ધંધો, ન્યાયાધીશ વર્ગ, ગ્રામસેવક, ખેડૂત, રેવન્યુ, ડીપાર્ટમેન્ટ, વનસ્પતિ, તર્કશાસ્ત્ર.

સ્વગૃહી રાશિ - મેષ, વૃશ્ચિક ઉચ્ચ રાશિ - મકર નીચ રાશિ - કર્ક

એક રાશિમાં ૪૦ દિવસ રહે. ૩જા અને ૬ઠ્ઠા ભાવનો કારક.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## બુધ - MERCURY ☿

**પર્યાય :** હેમ્ન, વિદ્, બોધન, ઈન્દ્રપુત્ર, સૌમ્ય, ચંદ્રપુત્ર, ચાન્દ્રિ, તારા તનય, જ્ઞ, વિત્, શ્યામગાત્ર, અતિદીર્ઘ, કુમાર

**બુધનું સ્વરૂપ :**

દુર્વાના રંગ જેવો શ્યામ રંગ, મધુરભાષી, પરિહાસ કરનાર, હસતા રહેવાનો સ્વભાવ, વાત-પિત્ત-કફ મિશ્રિત પ્રકૃતિ, વિશાળ આંખો, રજોગુણી, હૃષ્ટપુષ્ટ દેહ, રૂપવાન, કાર્યમાં ચતુર, વ્યાભિચારી, વિનોદી.

ગ્રહોમાં બુધ યુવરાજ છે. ઉત્તર દિશાનો સ્વામી છે. શુદ્ધ વર્ણનો રજોગુણી છે. પૂર્વ દિશામાં તથા જન્મકુંડલીમાં લગ્નસ્થાનમાં તે બળવાન બને છે. ક્રીડાગારમાં તેનું સ્થાન છે. સમસ્ત રાશિમાં તે ફળદાયક છે. પાનું (પન્ના) એ તેનું રત્ન છે. સૂર્યની સાથે કે એક ભાવ આગળ પાછળ બુધ હોય જ. વાણીનો કારક છે. લીલા રંગ પર તેનું પ્રભુત્વ છે. કુમારો (યુવાનો)નો પ્રતિનિધિ છે. વૈશ્ય અને શુદ્રોનો પણ કારક છે. નપુંસક સંજ્ઞક છે. રજોગુણી છે. શરીરમાં ચામડી પર તેનું પ્રભુત્વ છે. તેના દેવતા વિષ્ણુ છે. અથર્વવેદનો સ્વામી છે. તેનો અંક ૫ છે. તેના દીપ્તાંશ ૭°. તેના ભાગ્યોદય વર્ષ ૩૨ છે. દાન ધાન્ય - મગ છે. દાન ધાતુ - સુવર્ણ અને કાંસુ છે. તેની જપ સંખ્યા ૪૦૦૦ છે.

આનંદી પ્રકૃતિ, બધાની સાથેની પ્રેમાળ વર્તણૂંક, વિનોદીપણું, શાંતવૃત્તિ ધરાવતો ગ્રહ છે. ટીકા કરવાનો ગુણધર્મ ધરાવતો હોવાથી ચહેરા પર થોડો છદમીપણાનો ભાવ હોય છે. જગતના બધા જ પ્રકારના દુઃખો, તાપ અને ત્રાસ શાંતિપૂર્વક સહન કરનાર બુધ જ છે. સૂર્યનો પ્રખર તાપ આ બુધને હંમેશા સહન કરવાનો આવે છે. આ સહન કરવાની વૃત્તિને લીધ જ જાણે દાર્શનિકોએ એને નપુંસક ગ્રહ કહ્યો છે. પણ આ વિરોધાભાસ છે એમ અભ્યાસુઓએ ધ્યાનમાં રાખવું. વ્યવહારમાં જે પ્રમાણે એકાદ માણસને હાથે શાંતિનો અતિરેક થાય, ત્યારે તે શાંતિદૂતને બીજા લોકો ગમે તેમ બોલવા લાગે છે આવી જ સ્થિતિ બુધની થઈ છે. બુધ એ કાળપુરૂષની વાણી છે. તેનો રંગ દૂર્વા (ધરો) જેવો લીલો છે. થોડો કપટી પણ છે. શૂર, સ્ત્રીઓને પ્રેમ કરનાર, તેમની સાર સંભાળ લેનાર અને તેમને માટે જીવ પણ આપી દેવાનો આ બુધનો સ્વભાવ ધર્મ છે. હસતાં હસતાં બોલવું એ તેની વિશિષ્ટતા છે. વાત-પિત્ત અને કફ મિશ્રિત તેની પ્રકૃતિ

છે. મિશ્ર ધાન્યની વાનગી અને મિશ્ર રસના પદાર્થો તેને ગમે છે. જો બુધ દુષિત થયો હોય તો જાતક સુરાપાન અને માંસાહાર તરફ આકર્ષાય છે.

ધનવાન હોવું, બુદ્ધિમાન હોવું, કાર્ય કુશળતા, હિસાબીપણું, અધિકારી વર્ગને પોતાની તરફેણમાં કરી લેવાની કળા, ટીકાકાર વૃત્તિ, આર્થિક બાબતો પર વિશ્લેષણ પૂર્વકનું લેખન, રહસ્ય કથાઓનું લેખન, શ્રૃંગારીક વિષયોનું લેખન, શૂરવીર સ્ત્રીઓને વશમાં કરી લેવાનું નૈસર્ગિક સામર્થ્ય, બોલવામાં વિનોદીપણું, નૃત્યકલા, બેંકોનું કામકાજ, શ્રૃંગાર પ્રસાધનોના ધંધા, દલાલીનો વ્યવસાયસ, કુંડળીમાં બુધ શુભ અને અનુકૂળ હોય તો જાતક સહજ રીતે કરી શકે છે.

તરૂણ દેખાવ, તરૂણોનો નેતા, પરજાતિની, પરપ્રાંતિય તથા પરદેશી વ્યક્તિઓથી વધારે પ્રેમ સંબંધ રાખનાર તથા એકાદ સ્ત્રીનું અપહરણ કરી તેની સાથે લગ્ન કરવું વગેરે બાબતો સાથે બુધ સંકળાયેલો છે.

બુધ બગડેલો હોય તો વાણીનો દોષ, ગાંડપણ, અસ્થિર મગજ, ચોર અને મવાલી થાય.

શનિ – બુધ યુતિ<br>મંગળ – બુધ યુતિ } એન્જીનીયર્સ

વૃશ્ચિકનો બુધ શનિ સાથે – ફીઝીશીયન, રોગનિદાન ઉત્તમ

| | | |
|---|---|---|
| ૧લે બુધ | : | ઘર સંસારમાં કુશળ, કૂટનીતિજ્ઞ, ગણિત તથા કાવ્યમાં રસ. |
| ૨જે બુધ | : | ચૈન અને આનંદની વૃત્તિ, દરેક વાતમાં હિસાબની વાત પહેલાં, ટીકાકાર, અંતરંગ સળગેલું રહે, કુશળ વક્તા. |
| ૩જે બુધ | : | ધાર્મિક, સાહિત્ય રસિક, કળા રસિક, ભાઈ-ભાંડુઓનું સુખ |
| ૪થે બુધ | : | વિચિત્રતાનું નિર્માણ, જગતમાં ચાલતા ઢોંગીપણાની અને બદમાશીની ચીડ, તે ભૂલવા માટે શરાબી થઈ શકે. મદ્ય એ બુધને ગમતું વ્યસન છે. |
| ૫મે બુધ | : | નૃત્યકલા, તખ્તા પરનો અભિનય, ગણિતશાસ્ત્ર લેખન, રહસ્યકથા લેખન, પ્રવાસ વર્ણન, પ્રેમકથા, ઈતિહાસ લેખન |
| ૬ઠ્ઠે બુધ | : | બદ્ધ કોષ્ઠતા, વાતશૂલ, ચામડીના રોગો |
| ૭મે બુધ | : | કોઈની પણ પરવા ન કરવાવાળો, શૂર સ્ત્રીઓ પર પ્રેમ, ચોરી છુપીના પ્રેમ-પ્રકરણ, તેમાંથી કોઈ એક સાથે લગ્ન, પોતાનાથી મોટી ઉંમરની સ્ત્રી સાથે સંબંધ, નૈસર્ગિક અને અનેકવિધિ જાતીય ક્રીડામાં રસ લેનાર. |
| ૮મે બુધ | : | ૪થાનું ફળ અહીં પણ મળે છે. જો ૮મે મિથુન કે કન્યા રાશિ હોય અને જન્મકુંડળીમાં બુધ જો ૩જે, ૧૦મે કે ૭મે હોય તો લાંબી માંદગી, ચામડીના રોગો, મગજની વિકૃતિ, ગંડમાળ, ક્ષયરોગ, બદ્ધ કોષ્ઠતા, મૂંગાપણું, બહેરાપણું, ગાંડા થવું વગેરેની શક્યતા. આ બુધ સાથે વ્યયેશ આવે તો પૈસા ખાવાનો આરોપ આવી શકે. |

૯મે બુધ : ૫મે બુધનું ફળ ૯મે પણ મળે છે.

૧૦-૧૧મે બુધ : હવાની દિશા પ્રમાણે પીઠ ફેરવનાર, જેવો સમય તેવી ચાલ, સ્વાર્થી, મીઠી વાણી દ્વારા પોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ, લોકપ્રિય થાય.

૧૨ મે બુધ : અશુભ ફળ, ધાર્મિક કાર્યો, ખર્ચાળ, કોઈકવાર નિર્દયી.

**કારકત્વ :**

વિદ્યા, વાણી, વીણા, મિત્ર, બુદ્ધિ, વ્યાપાર, ચાતુર્ય, શિલ્પકલા, લેખન, વાંચન, કાગળ, પેન્સીલ, સંદેશાવ્યવહાર, ગણિત, તટસ્થતા, ચપળતા, અનિશ્ચયાત્મકતા, દલાલી, એજન્સી, એજન્ટ, ટ્રાન્સપોર્ટ, જ્ઞાનતંતુ, મામા, મોસાળ, પ્રીન્ટીંગ પ્રેસ, સાહિત્યકાર, લેખક, અનુવાદક, હિસાબનીશ, ઓડીટર, શિક્ષક, પ્રોફેસર, જ્યોતિષી, ગણિતશાસ્ત્રી, ધારાશાસ્ત્રી, પ્રકાશક, તાર-ટેલીફોન સાથે સંબંધ ધરાવતા ધંધા, પુસ્તક વિક્રેતા, ચામડી, વ્યાખ્યાન, નપુંસકતા, વ્યવહારિકતા, વકીલાત, શોપિંગ સેન્ટર

સ્વગૃહી રાશિ : મિથુન, કન્યા ઉચ્ચ રાશિ - કન્યા નીચ રાશિ - મીન

એક રાશિમાં લગભગ ૨૫ દિવસ રહે. જથા અને ૧૦મા ભાવનો કારક.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## ગુરૂ - JUPITER ♃

**પર્યાય :** ઈડ્ય, ઈજ્ય, અંગિરા, જીવ, વાચસ્પતિ, બૃહસ્પતિ, સુરગુરૂ, મંત્રી, સુરાચાર્ય, દેવજ્ય, આર્ય, પ્રશાંત.

**ગુરૂનું સ્વરૂપ :**

પીળા વર્ણનો પરંતુ આંખો, મસ્તક અને કેશકાળા, મોટું શરીર, ઊંચી અને પુષ્ટ છાતી, કફ પ્રધાન, ઉત્તમ બુદ્ધિવાળો, સિંહ અને શંખના જેવી ગંભીર વાણી, ધનપ્રધાન, લાલપીળી આંખો, સ્થિર અને સત્વગુણ પ્રધાન સ્વભાવ, શ્રેષ્ઠ રૂદ્રાક્ષ ધારણ કરનાર, માંસલ, શાસ્ત્રાધિકારી.

ગ્રહોમાં ગુરૂ પ્રધાન છે. ઈશાન કોણનો સ્વામી છે. ધન ભંડારમાં તેનું સ્થાન છે. બ્રાહ્મણવર્ણનો સત્વગુણી છે. પૂર્વ દિશામાં તથા જન્મકુંડળીમાં લગ્ન સ્થાનમાં તે બળવાન બને છે. પોખરાજ તેનું રત્ન છે. શરીરમાં મેદ પર તેનું પ્રભુત્વ છે. વ્યાકરણ વિદ્યા તેના તાબામાં આવે છે. દીર્ઘ છે. તેનો રંગ ગૌર છે. તેના દેવતા ઈન્દ્ર છે. જ્ઞાનનો કારક છે. પીળા રંગ પર સ્વામિત્વ છે. તેનો રસ મિષ્ટ-મધુર છે. તેની ધાતુ ચાંદી છે. ઋગ્વેદનો અધિપતિ છે. ભાગ્યોદય વર્ષ ૧૬ છે. તેનો અંક ૩ છે. તેના દીમાંશ ૯° છે. દાન ધાન્ય ચોખા છે. દાન ધાતુ સુવર્ણ અને કાંસુ. તેની જપ સંખ્યા ૧૯૦૦૦ છે.

સંતતિ, વિદ્યા અને ચતુરાઈ એ ખાતાઓનો એ એક માત્ર અધિકારી છે. આકાશની માલિકી ગુરૂ પાસે છે. કફ પ્રકૃતિને કારણે શ્લેષ્મા અને શરીરની મજ્જા સાથે સંબંધ

ધરાવતો હોવાથી શરીર પર ચમક લાવે છે. બુદ્ધિ પ્રતિભાની છટા ચહેરા પર દેખાય છે. ચાંદી પર પ્રેમ છે. સાત્વિક પ્રકૃતિનો ગ્રહ હોવાથી ઘી, મધ વગેરેથી તરબોળ સાત્વિક આહાર શાંત વાતાવરણમાં આરોગવાનો તેનો સ્વભાવ છે. આહાર પ્રિય છે. ૪થા, ૮મા અને ૯ઠ્ઠા સ્થાનમાં રહેલા ગુરૂવાળાને સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને ઘી-ખાંડથી યુક્ત પદાર્થોનું સેવન જાણે કંઈ નવાઈ નથી. આ સાત્વિક પ્રકૃતિ ધરાવતો ગ્રહ પ્રસંગ વિશેષે એટલો જ ક્રોધી થાય અને અફડાતફડી કરી નાખે. શ્રાપ અને શસ્ત્રથી પણ વધારે સામર્થ્ય ધરાવતો હોવા છતાં આ ગ્રહ શાંત છે. ૨૧ વખત પૃથ્વીને નક્ષત્રિય કર્યા પછી પણ પાછું સામ્રાજ્યનું દાન કરી દેવું તેને માટે સહજ છે. બળવાન બલી જેવાને પણ પાતાળમાં દાટી દેવાનું સામર્થ્ય ગુરૂમાં છે. છતાં આ ઐશ્વર્ય, સત્તા, વૈભવ ક્યારેય પોતાના ઉપભોગ માટે રાખ્યા નથી. જગતનાં કલ્યાણાર્થે પોતાનું જીવન ખર્ચી નાખવું એ જ શુભ ગુરૂનો માનવજીવન પર પ્રભાવ છે.

સમાજમાં બંધુપ્રેમ, વિશ્વશાંતિ, શિક્ષણ, સંતતિ અને ન્યાયખાતાનો હવાલો ગુરૂ પાસે છે. અન્નખાતું પણ ગુરૂના તાબામાં છે. વર્ષાઋતુમાં સજળ રાશિમાં ગુરૂનું ભ્રમણ ચાલતું હોય તો પાકને પોષણ મળે તેટલા પ્રમાણમાં વરસાદ પડે છે.

કુંડળીમાં ગુરૂ છઠ્ઠે, ૮મે હોય તો અનિશ્ચિતતાથી મનવિરૂદ્ધ જાતકના સત્વનું હરણ થાય જ છે. ૬ઠ્ઠે અને ૮મે ગુરૂ શીલહરણ માટે કારણભૂત બને છે.

શિષ્ય ગણો પર તેને પ્રેમ છે. પોતે એકાંતમાં અને દૂરની જગ્યાએ રહીને પણ પોતાના જ્ઞાન વડે શિષ્યગણોને રાજ્યપદ પર સ્થાપિત કરવાનું સામર્થ્ય ગુરૂ ધરાવે છે. કોઈપણ શાસ્ત્રનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન તેને ગમે છે. ગૂઢશાસ્ત્ર અને ભવિષ્યનું જ્ઞાન તેના અધિકારક્ષેત્રમાં આવે છે. સંશોધન, મનન અને ચિંતનમાં ગુરૂની જરૂર પડે છે. અશુભ સ્થાનમાં ગુરૂ હોય તેમણે બ્રહ્મદેવ અને શિવની ઉપાસના કરવી. ધોરીનસ, પીંડલી અને પગના તળિયા સાથે સંબંધિત છે. ગુરૂ બગડેલો હોય તો જૂઠું બોલનાર, દંભી અને મધુપ્રમેહના રોગી તથા લોહીના ભ્રમણમાં ગરબડ થાય.

| | | |
|---|---|---|
| ૧લે ગુરૂ | : | ગુણવાન, સુંદર, અંતઃપ્રેરણા, વિદ્વાન, ધાર્મિક, આહારપ્રિય |
| ૨જે ગુરૂ | : | ધનયોગકારક, વાચાળ, મધુરવાણી, કાવ્યશાસ્ત્ર તરફ રૂચી. |
| ૩જે ગુરૂ | : | ઘણા સાથે પ્રેમસંબંધ, સાહસથી કિર્તીની પ્રાપ્તિ, અશુભ સંબંધિત ગુરૂ ૩જે હોય તો વ્યાભિચારી અને વ્યસની થઈ શકે. |
| ૪થે ગુરૂ | : | ધનવાન, સંપત્તિવાન, વિદ્યાવાન, સારૂં માતૃસુખ |
| ૫મે ગુરૂ | : | ક્યારેક શુભ, ક્યારેક અશુભ, ઉત્તમ લેખક, યોગાભ્યાસી, મંત્રશાસ્ત્રી |
| ૬ઠ્ઠે ગુરૂ | : | વિલાસીવૃત્તિ, રસિકતા, શીલહરણનો પ્રસંગ, રોગાર્ત, મોસાળસુખ |
| ૭મે ગુરૂ | : | સ્વાર્થીપણું, સુખલોલુપતા, પ્રિયજનથી વિરહ, સ્ત્રી પર આસક્ત |
| ૮મે ગુરૂ | : | અચાનક ધન પ્રાપ્તિ, પિતાથી જુદો રહે, યોગાભ્યાસી |

૯મે ગુરૂ : સારો ભાગ્યોદય, ધાર્મિક, તીર્થયાત્રા, ૧૬મા વર્ષથી ભાગ્યોદય થાય.

૧૦મે ગુરૂ : વ્યવહારમાં પોતાની સાત્વિક વૃત્તિ અને વિરાગીવૃત્તિને કારણે ફસામણી થાય. શુભ સંબંધિત ગુરૂ હોય તો પ્રેમથી વૈરાગ્ય ધારણ કરે. અશુભ સંબંધિત ગુરૂ હોય તો સ્મશાન વૈરાગ્ય.

૧૧મે ગુરૂ : શુભાશુભ ફળ, અષ્ટાવધાની થાય, પ્રામાણિક, સારામિત્રો

૧૨મે ગુરૂ : સરળ રહેણી કરણી, ઉચ્ચ વિચારસરણી, અંતઃસ્ફૂરણા

**કારકતત્વ :**

સંતતિ, સંપત્તિ, વિદ્યા, ધર્મ, પૂર્વ પુણ્ય, જ્ઞાન, ગુરૂ, પતિ, વ્યાકરણ, વિદ્યા, શિક્ષક, સલાહકાર, યોગ્યાયોગ્યાની સમજ, ડહાપણ, પ્રદાન, માર્ગદર્શન, પરાર્થે કાર્ય, વિકાસ, રક્ષક, વિશાળતા, આકાશ તથા આકાશીય બાબતો, આકાશીય બનાવો, જાહેર સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, ન્યાયાધીશ, ધર્મગુરૂ, વિદ્વાન, ધારાસભ્ય, શરાફ, મંત્રી, પ્રધાન, વહાણવટી, મ્યુનીસીપાલિટી સાથેના સંબંધો, સોનું, દાન, સંન્યાસ, ભાષા, ચારિત્ર્ય, કર્મકાંડ, તપ, પીળો રંગ, ગ્રંથરચના, બીજગણિત, અર્થશાસ્ત્ર, દર્શન શાસ્ત્ર, મેદવૃદ્ધિ, હર્નિયા.

સ્વગૃહી રાશિ - ધન, મીન    ઉચ્ચ રાશિ - કર્ક    નીચ રાશિ - મકર

એક રાશિમાં લગભગ ૧૩ મહિના રહે. ૨-૫-૯-૧૦-૧૧મા ભાવનો કારક.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## શુક્ર - VINUS ♀

**પર્યાય :-** આસ્ફુજિત, સિત, ભૃગુ, કાવ્ય, કવિ, ઉશના, ભાર્ગવસૂનુ, આચ્છ, કાણ, દૈત્યગુરૂ, શુક્ર, દાનવેજ્ય.

**શુક્રનું સ્વરૂપ :**

શ્યામવર્ણનો છે. ચિત્ર-વિચિત્ર વસ્ત્ર ધારણ કરનાર, સુખમાં આસક્ત, દર્શનીય શરીરવાળો, સુંદર આંખોવાળો, કાળા અને લહેરાતા વાળવાળો, વાતપ્રધાન, પ્રકૃતિવાળો, કાન્તિમાન, આરામપ્રિય, રાજસ સ્વભાવનો, કામુક, શુભ્રવર્ણ.

ગ્રહોમાં શુક્ર મંત્રી છે. અગ્નિકોણનો સ્વામી છે. શયનગૃહમાં તેનું સ્થાન છે. બ્રાહ્મણવર્ણનો રજોગુણી છે. ઉત્તર દિશામાં તથા જન્મકુંડળીમાં ચોથા સ્થાનમાં તે બળવાન બને છે. સ્ત્રી સંજ્ઞક છે. તેના દેવતા ઈન્દ્રાણી (શચી) છે. હ્રસ્વ છે. રંગ શ્યામ છે. ચિત્ર મિશ્રિત કર્બુર રંગ પર તેનું સ્વામિત્વ છે. સ્ત્રી જાતિનો કારક છે. હીરો તેનું રત્ન છે. તેનો અંક ૬ છે. શરીરમાં વીર્ય પર તેનું પ્રભુત્વ છે. તેનો રસ ખાટો છે. યજુર્વેદનો અધિપતિ છે. તેની ધાતુ રૂપું (ચાંદી) છે. તેના ભાગ્યોદય વર્ષ ૨૫ છે. સંગીતવિદ્યાનો કારક છે. ગુદા અને વૃષણના રોગો માટે કારણભૂત થાય છે. સૂર્યથી ૪૭° થી આગળ કદી જતો

નથી. તેના દીમાંશ ૭° છે. દાન ધાન્ય ચણા છે. દાન ધાતુ સુવર્ણ છે. તેની જપસંખ્યા ૧૬૦૦૦ છે.

દૈત્યગુરૂ શુક્રાચાર્ય એ જાતિથી બ્રાહ્મણ અને મહાન સંશોધક 'કવિરાજ' જેવો ખિતાબ જેને મળેલો છે અને જે સંજીવની વિદ્યાનો કારક છે તે જ આ શુક્ર. વિરોધી પક્ષનો નેતા છે. તેના દેહના અણુએ અણુમાંથી વાત્સલ્યપ્રેમ પ્રવાહિત થાય છે. મદનનો અધિપતિ છે. કાવ્યશાસ્ત્ર, નાટક, અભિનય વગેરે ખાતાં તેના તાબામાં આવે છે. સંગીતની સુરાવલીઓ વહેવડાવવાનું કામ શુક્ર જ કરે છે. માટે જ વિખ્યાત કલાકારો, સાહિત્યકારો અને સંશોધકોની કુંડળીમાં શુક્રનું સ્થાન શુભ તથા સબળ હોવું આવશ્યક છે. શુક્રની કૃપા સિવાય કોઈપણ જાતક પ્રણયના ફાગ ખેલી શકતો નથી. વિરોધપક્ષના સબળ નેતા માટે પણ શુક્રનું બળવાન હોવું જરૂરી છે. પણ પોતાના સામર્થ્યનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરતો નથી. જગતના કલ્યાણ માટે અથવા જેને આરક્ષણ આપ્યું છે તેમને માટે ભગવાન સાથે પણ લડી લેવાની તૈયારી હોય.

શુક્રપ્રધાન વ્યક્તિનું શરીર સુંદર હોય, સારા વાળ અને સુંદર આંખો હોય, વાયુપ્રકૃત્તિ ધરાવે. શય્યાગૃહની માલિકી શુક્ર પાસે છે. સુર્યથી આગળ રહેલો શુક્ર બળવાન છે.

શુક્રનું ખરાબ હોવું એટલે ભોગ અને રોગ, શુક્ર અશુભ હોય તો વીર્યદોષ, ગર્ભાશયની વકૃતિ, મૂત્રાશયનો બગાડ, મધુપ્રમેહ, ગુપ્તરોગ, પ્રમેહ, નિદાન કરવામાં ઘણી જ મહેનત કરવી પડે તેવા રોગોની સંભાવના, તદ્ઉપરાંત એકલપેટો, અતૃપ્ત વિષયવાસનાથી અકળાયેલો અને તેને લીધે અત્યાચાર માટે પ્રવૃત્ત થનાર, અમાનુષી કૃત્યો કરનાર અને પ્રણયમાં સાત્વિકતાને બદલે જંગલીપણું આચરનાર થાય. આ બાબત મીનલગ્નમાં વૃષભ કે ધનના શુક્રવાળાને અથવા તુલા લગ્નમાં કર્ક કે ધનના શુક્રવાળાને ખાસ લાગુ પડે છે.'વૃષભ લગ્નમાં સિંહ કે મીનનો શુક્ર વૈવાહિક જીવનમાં અસમાધાન આપી કોઈવાર ગાંડપણ પણ આપી દે. ધન લગ્નમાં તુલા કે મીનનો શુક્ર હોય તો સ્ત્રીથી કે સહચરથી મોટી હાની ઉઠાવવી પડે. મામા-માસીઓની ખરાબ સ્થિતિ અથવા તેમના તરફથી નુકશાની ઉઠાવવી પડે. ચોરીના પ્રેમસંબંધોમાં થપ્પડ ખાવાનો વારો આવે. સૂર્ય-શુક્ર યુતિ વીર્યદોષ, સ્વપ્નદોષ, માનસિક અશાંતિ, હિસ્ટીરીયા વગેરે માટે કારણભૂત થાય. સિંહ કે કન્યા રાશિમાં સૂર્ય-શુક્ર યુતિ આને માટે વધારે કારણભૂત થાય.

૧લે શુક્ર : ઘરસંસારી, ઘરના કામોમાં વધારે ધ્યાન આપનાર, આદર સત્કારની કળામાં પ્રવીણ, કુટુંબના સભ્યો પર સતત પ્રેમની વર્ષા.

૨જે શુક્ર : વિષયી, ચેનચટાકા કરવાવાળો, વિલાસી, ધનસ્થાનનો શુક્ર વિરહ કે વિયોગ માટે કારણરૂપ થાય છે. ૨જે શુક્ર વાળાએ વૈષયિક વાસનાનો અતિરેક ન થાય તેની કાળજી રાખવી. ૨જે શુક્ર ચોરીના પ્રેમસંબંધો, ૭મે શુક્ર ઉત્તમ દામ્પત્ય.

૩જે શુક્ર : નાટકીય વૃત્તિનો, સંશોધક, અને વિદ્યામાં પારંગત, પરદેશી વ્યક્તિથી લાભ મેળવનાર, પ્રવાસી વૃત્તિનો, શિષ્યોવાળો.

૪થે શુક્ર : ઘરકુકડી વૃત્તિ, શય્યાગૃહ પ્રેમી, બાગ બગીચામાં રસ લેનાર, ઘરમાં થતા ધંધા કરનાર (Home Industry), શ્રૃંગાર સાહિત્ય પાછળ પાગલ, બાહ્ય સૌંદર્ય પ્રદર્શનનો શોખ.

૫મે શુક્ર : કલા, સાહિત્ય, ગાયનપ્રેમી, વાત્સલ્ય પ્રેમ ઘણો, કલા અને વાત્સલ્ય પ્રેમ પાસે વિશ્વનું રાજ્ય પણ તુચ્છ ગણનાર.

૬ઠે શુક્ર : વિવાહમાં વિલંબ, પત્ની અથવા પ્રેયસી માટે સંશય ધરાવનાર.

૭મે શુક્ર : ૨જે શુક્ર જેવું ફળ, ગાયન, નાટકનો શોખ.

૮મે શુક્ર : જલ્દી વિવાહ થાય, કલાથી પૈસાની પ્રાપ્તિ, વિવાહ પછી ભાગ્યોદય, એકાદ કળા પાછળ પાગલ.

૯મે શુક્ર : શત્રુ વિરોધી મતનો, ચિકિત્સક, દરેક બાબતમાં દખલ કરી પોતાના મતનું પ્રતિપાદન કરનાર, ધાર્મિક વૃત્તિ, તપસ્વી.

૧૦મે શુક્ર : સૌન્દર્ય પ્રસાધનના ધંધા, કોસ્મેટીક્સ અને સુગંધિત પદાર્થોના ધંધા, ફાર્મ હાઉસ, ખેતીવાડી, વાહનસુખ.

૧૧મે શુક્ર : સમાજસેવામાં આયુષ્ય ખર્ચ કરનાર, કળાકારોને સહાય કરનાર.

૧૨મે શુક્ર : રંગ રંગીલો, વિલાસનો બાદશાહ, અનેક આપત્તિઓ અને સંઘર્ષોનો સામનો કરી પોતાનું લક્ષ (પ્રેમ) સાધનાર.

**કારકત્વ :**

વૈભવ, પત્ની, વાહન, વિલાસ, સુખ, ભોગ, ઝવેરાત, સંગીત, વિદ્યા, સ્નેહસંબંધ, જીવનશક્તિ, ઓજ, તેજ, કલા, વિશુદ્ધ પ્રેમ, લાગણી, સુગંધિત પદાર્થો, ચાંદી, કવિત્વ શક્તિ, રત્નો, મોજશોખ, કળામય ચીજો, રેશમ, ડેરી, જરીકામ, ડેકોરેશન, ફેશન, પ્રવાસી એજન્ટ, દલાલ, વ્યાપારી, વૈદ્ય, નાટક, સિનેમાના કલાકારો, સંશોધક વર્ગ, નવી કળાઓનું સંશોધન, બેબી સીટર, બાલમંદિરના શિક્ષક, દાયણ, કવિ, દારૂના વેપારી, ફળ-ફુલનો વેપાર, સુગંધીત વસ્તુઓ, શરતો, સટ્ટો, લોટરીના ધંધા, વિવાહ સંસ્થા સાથે સંકળાયેલા લોકો, રસોઈઆ, ભિખારી, અશુભ શુક્ર વેશ્યાલય, કોલગર્લ, દારૂના બાર, સ્ત્રીના દલાલો તથા દાણચોરી માટે કારક થાય.

સ્વગૃહી રાશિ - વિષભ, તુલા      ઉચ્ચ રાશિ - મીન      નીચ રાશિ - કન્યા

એક રાશિમાં લગભગ ૧ મહિનો રહે છે. ૭મા ભાવનો કારક.

# શનિ - SATURN ♄

પર્યાય : મન્દ, કોણ, યમ, કૃષ્ણ, છાયાસૂનું, તરણિતનય, આર્કિ, નીલ, કૃશાંગ, કપિલાક્ષ, પંગુ, સૌરિ, અસિત.

**શનિનું સ્વરૂપ :**

આળસુ, પિંગલ વર્ણ, દુબળો, લાંબા દેહવાળો, મોટા દાંતવાળો, રોમ અને કેશ રૂખા, કાળા વર્ણનો, ક્રોધી, મન્દબુદ્ધિ, નસો મોટી દેખાય, નિર્દયી, તમોગુણી, વૃદ્ધ, કાળા વસ્ત્રોવાળો, ચાડી ખાનાર, લંગડો.

ગ્રહોમાં શનિ સેવક છે. પશ્ચિમ દિશાનો સ્વામી છે. કચરો નાખવાની જગ્યામાં (ઉકરડામાં) તેનું સ્થાન છે. પશ્ચિમ દિશા અને જન્મકુંડળીમાં સાતમાં ભાવમાં તે બળવાન બને છે. રાશિના અંત ભાગે વધુ બળવાન બને છે. નીલમણિ (નીલમ) તેનું રત્ન છે. શરીરમાં સ્નાયુ પર તેનું પ્રભુત્વ છે. મંદગ્રહ છે. નપુંસક સંજ્ઞક છે. તેના દેવતા બ્રહ્મા છે. તેનો રંગ કૃષ્ણવર્ણનો છે. કાળા રંગ પર તેનું સ્વામીત્વ છે. દૂત છે. અતિપાપ ગ્રહ છે. અંત્યજ જાતિનો કારક છે. વાયુતત્વનો છે. તામસી છે. તેનો રસ કષાય (તુરો) છે. ઢીંચણ અને ઉરૂ (જાંઘ)ના રોગો માટે કારણભૂત થાય છે. તેનો અંક ૮ છે. તેનો દીમાંશ ૯° છે. ભાગ્યોદય વર્ષ ૩૬ છે. તેની ધાતુ લોખંડ છે. સીસું અને કલઈ પણ તેની ધાતુઓ છે. રાત્રિબલી છે. દાન-ધાન્ય આખા અડદ. દાન ધાતુ લોખંડ, તેની જપસંખ્યા ૨૩,૦૦૦ છે.

અધ્યાત્મ વિદ્યાનો કારક છે. વિનાશખાતાનો આ મહામંત્રી છે. જગતની કોઈપણ વસ્તુ એની ઈચ્છા સિવાય કે હુકમ સિવાય નાશ પામતી નથી. યમનો નાનો ભાઈ છે. જન્મ લીધેલ કોઈપણ માનવ નર્કમાં ન જાય એવી એની ઈચ્છા છે. કારણ માનવજીવન એ જ માત્ર મુક્તિનું સાધન છે. આ વિચારથી પ્રેરાઈને જ શનિમહારાજ સાડાસાતી દ્વારા માનવને જીવનની સત્યની સપાટી પર લાવવા પ્રયત્ન કરે છે. માનવને નવું શિક્ષણ આપે છે. ખરા-ખોટાની ઓળખ કરાવી દે છે. નિવાસ ઉકરડામાં છે. સગસા કોઈ ત્યાં જતું નથી તેથી એકાંતનો લાભ લે છે. એકાંતપ્રિય છે. તત્વજ્ઞાન, ગુપ્તજ્ઞાન કે તાંત્રિક વિદ્યા પ્રત્યે લગાવ, વિચારશીલતા, ધીરતા, ગંભીરતા, સતર્કતા, દૂરંદેશીપણું, સાવચેતી, એકાગ્રતા, સહનશક્તિ વગેરે માટે કારણભૂત છે. સ્વતંત્રતા, સંકલ્પશક્તિ, ધીરજ, કરકસર, ચોક્કસપણું ખાસ કરીને ગણિતમાં અને ચોકસાઈ જરૂર હોય તેવા વૈજ્ઞાનિક સમીકરણોમાં શનિનું જ પ્રધાનત્વ હોય છે. લખાણો તથા વક્તવ્યમાં સાવચેતી એ શનિની લાક્ષણિકતા છે. ખરાબ શનિ અવિશ્વાસ, શંકાશીલતા, ઉદાસીનતા, આળસુપણું, દૂરદર્શિતાનો અભાવ, સતર્કતાનો અભાવ, અંધશ્રદ્ધાપણું, અધાર્મિકતા અને બળવાખોર વૃત્તિ આપે છે. તદુપરાંત અસંગતતા, લોભિયાપણું, બીજા સાથે સુમેળ સાધવાની કમી, આશય વગરની રખડપટ્ટી, નિમ્ન કક્ષાની સ્ત્રીઓમાં રસ, અથવા પોતાની મોટી ઉંમરની સ્ત્રીઓમાં રસ, વાંઢાપણું, ક્રૂરતા અને ગુનાખોરી આપે છે.

૧લે શનિ : દયનીય સ્થિતિ કરે, ઘરમાં સુખ પ્રતિષ્ઠા પ્રાપ્ત ન થાય, કામચોર.

૨જે શનિ : ધનપ્રાપ્તિ માટે જુદા જુદા અખતરા, ધનલાભ ઓછો, પાકો હિસાબ રાખનાર, કોઈવાર દરિદ્રી.

૩જે શનિ : માતૃસુખ અને શૈયાસુખની કમી, સતત પ્રવાસી, ચોરીના પ્રેમપ્રસંગો, ભાઈ-બહેન હોય પણ ભાંડુઓમાં પોતે શ્રેષ્ઠ હોય.

૪થે શનિ : એકાદ સંતાનનો નાશ, વિદ્યા પ્રાપ્તિમાં વિઘ્ન કે અપયશ પણ ફરીથી પ્રયત્ન કરવાથી ઉત્તમ વિદ્યા પ્રાપ્ત થાય.

૫મે શનિ : વિદ્યાને નવા પ્રકારની ધાર અને દૃષ્ટિ આપે. પદવી પ્રાપ્ત ન થાય. લોક વિલક્ષણ વાતો કરવામાં એક્કો, ગુપ્તશત્રુ હોય.

૬ઠે શનિ : કુશળતાથી શત્રુનાશ કરે, પણ પ્રપંચોની સીધી સાદી અડચણો દૂર કરી શકતો નથી. મુત્સદી તરીકે જગતમાં પંકાય પણ ઘરના માણસો માટે બાઘો ઠરે, જાહેર કાર્યોમાં ઠોકર ખાય, સહચર પાસે તેનું કશું ચાલતું નથી તેથી છુટાછેડાની સંભાવના.

૭મે શનિ : હર્ષિત થાય છે. હઠીલો સ્વભાવ, કરજ થાય, આઘાત સહન કરવાની તાકાત ક્યારેક એકદમ ઠંડી પડી જાય ત્યારે આક્રંદ કરે પણ તે ક્ષણ પુરતું જ હોય.

૮મે શનિ : વંશપરંપરાગત ચમત્કારીપણું અંગીકાર કરે. ધર્મપ્રત્યે ઉદાસીન. ધર્માંતરના વિચાર કરે.

૯મે શનિ : ઉદ્યોગ ધંધામાં ફેરફાર, એકાદ ધંધામાં ચાંચ ન ડૂબવી, પિતા સાથે મતભેદ, વિરહ કે વિયોગ.

૧૦મે શનિ : જીવનના અંત સુધી કાર્યરત, સાર્વજનિક ક્ષેત્રમાં અપયશ, પિતૃધનનો લાભ ન થાય, પોતાની યોગ્યતા અને કાર્યશક્તિથી આગળ વધનાર.

૧૧મે શનિ : સાર્વજનિક ક્ષેત્રોમાં નામના કાઢનાર, સમાજસેવક, ઉત્તમ નેતૃત્વશક્તિ ધરાવનાર, એકાદ વખત કોર્ટમાં જવું જ પડે, વાહન અકસ્માતથી ઘાયલ થાય, અલ્પકાળમાં માતાનું મૃત્યુ સંભવિત.

૧૨મે શનિ : સુખોપભોગમાં વૃત્તિ ઓછી, દારીદ્રય, નિર્લજ્જ.

**કારકત્વ :**

દુ:ખ, દારીદ્રય, આયુષ્ય, નોકર, યંત્રવિદ્યા, મંદતા, ઠંડાપણું, ઘડપણ, ઉંડાણ, ગંભીરતા, મુલત્વી રાખવું, આળસુપણું, સેવા પ્રાણ, શ્વાસોશ્વાસ, ચિંતન મનન દ્વારા વૈરાગ્ય, ત્યાગ, સંગ્રહખોરી, વહેમ, જૂનવાણીપણું, રૂઢિવાદ, તત્વજ્ઞાન, લોખંડ, મીલસ્ટોર્સ, ચામડું, હાર્ડવેર, ખનીજ પદાર્થો, રસાયણ, ઘાસ, કોલસા, અનાજની ખેતી, કરિયાણું, ખાણો, ઘર બાંધકામની વસ્તુઓ, જમીન, ખોખાં, ધંધાકીય માહિતી, રાખ, સ્મશાન, કાળું ધાન્ય, કમનસીબી, શુષ્કતા, નિષ્ઠુરતા, પિચાશ બાધા.

ઉચ્ચ રાશિ - તુલા નીચ રાશિ - મેષ.
સ્વગૃહી રાશિ - મકર, કુંભ
એક રાશિમાં અઢી વર્ષ રહે છે. ૬ - ૮- ૧૦ - ૧૨મા ભાવનો કારક.

## રાહુ - DRAGON'S HEAD ☊

**પર્યાય :** તમ, અગુ, સર્પ, અસુર, ફણિ, સૈંહિકેય, વિધુંતુદ, સ્વર્ભાનુ

**રાહુનું સ્વરૂપ :**

ધુમાડા જેવો રંગ, વનચર, વાતપ્રકૃત્તિ, બુદ્ધિમાન, કુરૂપ, જુઠું બોલનાર, કપટી, ક્રોધી, કોઢી, પરનિન્દક, ભયંકર.

ચન્દ્રનું ઉત્તરધ્રુવ બિંદુ છે. રાહુ અને કેતુ ગ્રહો નથી. તેથી આકાશમાં તેમને જોઈ શકાતા નથી પરંતુ ફળાદેશમાં તેમને સ્થાન આપવામાં આવ્યુ છે. રાહુ અને કેતુ બંને હંમેશા એકબીજાથી ૧૮૦° પર હોય છે. તેની ગતિ વક્ર છે. નૈઋત્ય કોણનો સ્વામી છે. ખૂણાઓમાં તેનો વાસ છે. તેના દેવતા વાયુ છે. ગારૂડી વિદ્યાનો કારક છે. ધૂસરા (ધુમાડીયો), રંગ પર તેનું પ્રભુત્વ છે. પાપગ્રહમાં તેની ગણના થાય છે. શુદ્ર જાતિનો અધિપતિ છે. પુરૂષ સંજ્ઞક છે. અતિ તામસી છે. મળ કે રાફડામાં તેનું સ્થાન છે. તીખો છે. વાયુપ્રકૃત્તિનો છે. રાત્રિ બલિ છે. છેવટના બે માસમાં તે ફળદાયક છે. ગોમેદ તેનું રત્ન છે. સીસું તેની ધાતુ છે. તેના દીપ્તાંશ ૧૨° છે. ભાગ્યોદય વર્ષ ૪૨ છે. દાન ધાતુ સુવર્ણ છે. દાન ધાન્ય સૂપડામાં કાળા તલ. તેની જપસંખ્યા ૧૮,૦૦૦ છે.

રાહુનું માત્ર માથું જ છે. 'અર્ધકાયં મહાવીર્યમ્' જેવો ખિતાબ મળેલો છે. સ્વજનો માટે પ્રાણર્પણ કરનાર અને એક ઘા બે કટકા કરવાનું સામર્થ્ય ધરાવતો રાહુ એક માત્ર જ ગ્રહ છે. યુદ્ધ ભૂમિમાં લડીને મહાવીર કહેવડાવનાર, વીરચક્રો મેળવવાનું બહુમાન પામનાર અને યુદ્ધપ્રેમી જાતકોની કુંડળીમાં પ્રબળ અને શુભસ્થાનમાં રાહુનું હોવું જરૂરી છે. સ્વતંત્રતાનો ચાહક છે. લાચાર અને સમાજથી ધિક્કાર પામેલા લોકો પર તે આધિપત્ય ભોગવે છે. સ્વજનોના ઉદ્ધાર માટે પ્રાણાર્પણ કરવામાં તે કદી પાછીપાની કરતો નથી માટે જ પોતાના દાનવોના રક્ષણ માટે જ પ્રાણની બાજી લગાવી, વેશબદલી, દેવોની પંગતમાં બેસી અમૃતપાન કર્યું અને પોતાનું માથું કપાવ્યું. તેથી માથું તે રાહુ અને ધડ તે કેતુ થયો. તેથી ન તેઓ દેવોમાં ગણાયા કે ન દાનવોમાં.

જીવનની દરેક પ્રકારની તૃષ્ણાઓનો કારક રાહુ છે. મેળવવામાં અને ખોવામાં બંનેમાં તે અસરકારક છે. ગુંચવાડા સાથે સંબંધ છે. છેતરપીંડીનો કારક છે. તેનું પ્રતિક સર્પ છે. જે રાશિમાં રાહુ હોય તે રાશિના અધિપતિ ગ્રહનું તે પ્રતિનિધિત્વ કરે છે. આડાઈ, વક્રતા, વિચિત્રતા, ભયસ્થાન, ખાડો, સુરંગ, પડદા પાછળના બનાવો સાથે સંબંધ ધરાવે છે. તેના પ્રતિનિધિ તરીકે બુધ ગણાય છે. દુનિયાદારી, ગેરસમજણો અને અફવાઓ

ફેલાવવામાં રાહુ મુખ્ય ભાગ ભજવે છે. રાહુ જે ગ્રહ સાથે આવે તે ગ્રહની સ્વાભાવિક પ્રકૃતિમાં વિકૃતિ લાવે છે. ઝેર સાથે તેને સંબંધ છે. રાહુ રોગ આપવામાં કારણભૂત થાય તો ત્રણેક મહિના સુધી સાચુ નિદાન થતું નથી. માણસની અતૃપ્ત પ્રબળ ઈચ્છાઓ અને વાસનાઓ મૃત્યુ પછી તેને પ્રેતયોનિનો લઈ જાય છે એમ શાસ્ત્રકારો માને છે. રાહુ પ્રબળ તૃષ્ણાનો કારક હોવાથી તે પ્રેતયોનિનો પણ કારક છે. રાહુ-મંગળ અને વૃશ્ચિક રાશિનો સંબંધ કોઈ પ્રકારના ઝેરનો સંબંધ અવશ્ય સૂચવે છે. રાહુનો ઘા એટલે શબ્દબાણ અને કેતુનો ઘા એટલે શસ્ત્રબાણ.

સૂર્ય-રાહુ : ઉપરથી શાંત દેખાતા હોવા છતાં અંદરથી ભયાનક પ્રવૃત્તિ કરનારા

ચંદ્ર-રાહુ : અવિચારીપણું, બેફામ અને બેફાટ મનોવૃત્તિ, હું કહું તે જ કાયદો એવી મનોવૃત્તિ.

મંગળ-રાહુ : હઠીલાપણું, લડાયકવૃત્તિ, બોલવું-ચાલવું તડફડ, ખોટા માર્ગે સાહસ.

બુધ-રાહુ : બુધની રાશિમાં રહેલો રાહુ સારૂં ફળ આપે પણ બુધ-રાહુ યુતિ બુદ્ધિને ગેરમાર્ગે દોરે છે.

ગુરૂ-રાહુ : ગુરૂની રાશિમાં રહેલો રાહુ કે ગુરૂ - રાહુ યુતિ જાતકની વિકૃતિઓને રક્ષણ આપે છે. દંભી બનાવે છે. પોતાના મનનો તાગ બીજાને લાગવા ન દે. નાટકીય અભિનય કરનારા.

શુક્ર-રાહુ : સ્ખલન, ચરિત્રહીનતા, અતિશય વિષયવાસના અને પ્રણયની બાબતમાં અવિચારીપણું.

શનિ-રાહુ : કાવાદાવા કરનાર, અનેક પરજાતિય અને પરપ્રાંતિય વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવે.

વૃશ્ચિક લગ્નમાં રાહુવાળી વ્યક્તિઓ મોટે ભાગે ચરિત્રશીલ હોય અને ધાર્મિક હોય છે. મેષ લગ્નમાં રાહુવાળાને સારી સફળતા મળે છે પણ તેમના ચારિત્ર્ય પર ભરોસો મૂકી શકાય નહિ. જેમની કુંડળીમાં વૃષભ, વૃશ્ચિક કે મકર રાશિમાં રાહુ હોય તેમને જીવનકાળમાં રાહુનો ધક્કો લાગવાનો જ. મેષ લગ્નમાં મકરના રાહુ-શુક્ર, વૃશ્ચિક લગ્નમાં વૃષભના રાહુ-શુક્ર, સિંહ લગ્નમાં વૃષભના રાહુ-શુક્ર અને મીન લગ્નમાં વૃષભના રાહુ-શુક્ર ખરાબ ફળ આપે છે.

૧લે રાહુ : મહત્વાકાંક્ષી, કુલાભિમાની, ગઈ ત્રણ પેઢીમાં કોઈ કુળદીપક થઈ ગયો હોય. વિવાદમાં કુશળ, દુષ્ટ બુદ્ધિના.

૨જે રાહુ : ધનપ્રાપ્તિ માટે ગમે તે કરે. જુઠુ બોલવાવાળો, વ્યસની.

૩જે રાહુ : ધ્યેય માટે આત્મ સમર્પણ, સાવકા ભાઈ-બહેન હોવા, પ્રવાસી, લડવૈયા, નવા ધર્મ અને તત્વનો પ્રવર્તક, લોક વિલક્ષણ કાર્ય કરનાર, સંકટ પર વિજય મેળવનાર.

૪થે રાહુ : વિદ્યા પ્રાપ્તિમાં વિઘ્ન, ઈચ્છિત વિદ્યા પ્રાપ્ત ન થાય, અલ્પ સંતતિ, પ્રવાસમાં ત્રાસ, ધર્મ વિરોધક.

૫મે રાહુ : પિતાથી વેર, મામા-માસીથી વેર, વિદ્યાર્જનમાં બાધા, છતાં વિદ્યા પ્રાપ્ત કરાવે. કળા, કુશળતા, ખેતીવાડી, માતૃસુખ, સંતાન પ્રાપ્તિમાં બાધા, કબજીયાત.

૬ઠે રાહુ : યુદ્ધપ્રેમી, નેતૃત્વ કરનાર, અતિકામી, સ્ત્રી લંપટ, મોસાળ સુખ ઓછું.

૭મે રાહુ : પૈસા ખાવાનો આરોપ આવે, નજર સામે સ્વજનોનો નાશ, કોઈ કુટુંબીજનનું આપઘાતની મૃત્યુ, ખર્ચાળ, લોકનિંદા.

૮મે રાહુ : ભાગીદારીમાં છેતરામણી, પ્રિયજનથી વિયોગ, પત્નીનો નાશ.

૯મે રાહુ : ધર્મવિરોધી તત્વોવાળો, જાણી કરીને અવળી મતિથી ચાલનાર, પિતૃધનનો નાશ.

૧૦મે રાહુ : સાર્વજનિક ક્ષેત્રમાં નુકશાન, ભાઈ-ભાંડુથી નુકશાન, પ્રવાસમાં આપઘાતનો ધોતક.

૧૧મે રાહુ : સાહસી, વાહનથી અકસ્માત, ખેતીમાં નુકશાન, શૈયાસુખ અને માતૃસુખ અલ્પ, કોર્ટના મામલામાં અપયશ.

૧૨મે રાહુ : સારો લાભ, પરપ્રાંતમાં ભાગ્યોદય, અલ્પસંતતિ સુખ, ઓછી વિદ્યા, પ્રપંચી, જાતીય વિકૃતિ.

**કારકત્વ :**

ગુંચવાડો, છેતરપીંડી, આડાઈ, વક્રતા, અફવાઓ, કુતર્ક, જુગાર, તૃષ્ણા, લાલસા, લોભ, દુષ્ટબુદ્ધિ, સાપ, કાળાબજાર, અપવિત્રતા, મર્મભેદી વાણી, પશુમૈથુન, વ્યસન, ઝેર.

સ્વગૃહી રાશિ - કન્યા　　ઉચ્ચ રાશિ - મિથુન　　નીચ રાશિ - ધન

એક રાશિમાં અઢાર મહિના રહે છે. રાહુ સર્વ કારક છે.

## કેતુ - DRAGON'S TAIL ☋

પર્યાય : શિખી, ધ્વજ, શનિસુત, યમાત્મજ, પ્રાણહર

**કેતુનું સ્વરૂપ :**

લાલ દ્રષ્ટિ, ઉગ્રવાણી, હીન શરીર, શસ્ત્ર ધારણ કરેલો, પતિત, ધુમાડા જેવો રંગ, ઘા વાળો, દુષ્ટ, હંમેશા ધુમ્રપાન કરવાવાળો.

ચન્દ્રનું દક્ષિણ ધ્રુવ બિંદુ છે. દીર્ઘ છે. વિચિત્ર પ્રકારના રંગ પર સ્વામિત્વ છે. પરિચારક છે. પાપગ્રહ છે. સંકર જાતિનું પ્રતિનિધિત્વ કરે છે. નાના (માતાના પિતા) તથા પીડાનો કારક છે. પુરૂષ સંજ્ઞક છે. કિંચિત તામસ છે. શરીરમાં રસ પર પ્રભુત્વ છે.

સ્મશાન તથા ઘરના ખૂણાઓમાં તેનું સ્થાન છે. નિરસ છે. સર્વ દિશાઓમાં કામ કરે છે. તેનું રત્ન વૈદુર્યમણિ (લસણિયું) છે. કાંસુ તેની ધાતુ છે. વાયુપ્રકૃતિ છે. ભાગ્યોદય વર્ષ ૪૮ છે. દાન ધાતુ સુવર્ણ, દાન ધાન્ય તલ. જપસંખ્યા ૧૭,૦૦૦.

ભગવાન વ્યાસજીએ કેતુને નમસ્કાર કરતાં કહ્યું છે 'રૌદ્રં રૌદ્રાત્મકં ઘોરં ત્વં કેતું પ્રણમામ્યહમ' ગ્રહમંડળનો રાજા સૂર્ય પણ ક્યારેક કેતુથી માત ખાઈ જાય છે. રાહુ અને કેતુ એક બીજાના જોડીયા ભાઈઓ હોવાથી તેમના પરાક્રમમાં ફેર પડતો નથી. પણ પરાક્રમ કરવાની પદ્ધતિ બંનેની જુદી છે. કેતુ તાકાતના, જુસ્સા અને આવેગના, તંત્રશક્તિના, જારણ-મારણ વગેરે ગારૂડી વિદ્યાના અથવા અઘોરી શક્તિના પરાક્રમ કરે. જ્યારે રાહુ પ્રત્યક્ષપણે દેખાય તેવા ધુમધડાકા ન હોય પણ બુદ્ધિશક્તિના અને હાથ ચાલાકીના પરાક્રમ હોય. રાહુનો ઘા શબ્દનો અને કેતુનો ઘા શસ્ત્રનો.

કેતુને મોક્ષનો કારક કહ્યો છે. ઈચ્છાઓના લોપ વગર મોક્ષ નથી. અને ઈચ્છાઓનો લોપ થતાં મનનું અસ્તિત્વ રહેતું નથી. કેતુ મનમાં અણધારી સ્ફુરણા આપે છે. જીવનમાં મોટો પલટો આપે છે. અણધારી ગંભીર માંદગી આપી દે અને અણધારી ગંભીર માંદગી દૂર પણ કરી દે.

| | | |
|---|---|---|
| ચંદ્ર-કેતુ | : | શરદીથી દુ:ખાવો, શીતજવર, પાણીથી ભય, અપમૃત્યુનો યોગ, વૃષભ, વૃશ્ચિક અને કર્ક રાશિમાં કેતુ અશુભ ફળ આપે છે. તેમાં પણ જો ચંદ્ર સાથે હોય તો અશુભ ફળોમાં વધારો કરે છે. |
| સૂર્ય-કેતુ | : | આગથી મૃત્યુની સંભાવના, આપઘાતથી મૃત્યુ, મૃત્યુ સમયે અપાર દુ:ખ અને કષ્ટ વધારે સમય સુધી સહન કરવું પડે. ઝેરી જાનવરોના વિષથી મૃત્યુની સંભાવના, રાજદંડ, ગુપ્તેન્દ્રીયોના દુ:ખાવા, ગુપ્તરોગથી પીડા. |
| ૧લે કેતુ | : | બંધુઓથી કલેશ, વાતની પીડા, ચિંતાતુર, ચિત્ત અસ્થિર. |
| ૨જે કેતુ | : | કુટુંબથી, મિત્રોથી વિરોધ, ખરાબ વાણી, ધનહાનિ. |
| ૩જે કેતુ | : | શત્રુનાશ, પરાક્રમી, ઐશ્વર્ય પ્રાપ્તિ, હાથમાં પીડા. |
| ૪થે કેતુ | : | માતૃસુખમાં કમી, નિંદા કરનાર, વતન છોડવું પડે. |
| ૫મે કેતુ | : | સંતાન પ્રાપ્તિમાં કષ્ટ, પેટ સંબંધી ઓપરેશન, મંત્ર-તંત્રમાં રસ. |
| ૬ઠ્ઠે કેતુ | : | મોસાળમાં માનભંગ, શત્રુનાશ, રોગ શીઘ્ર થાય કે દૂર થાય. |
| ૭મે કેતુ | : | જળભય, દામ્પત્યમાં તડ, પ્રવાસી, વીર્ય સંબંધી રોગો. |
| ૮મે કેતુ | : | ગુદા રોગ, અકસ્માત, ઓપરેશન, વારસો, મેળવવામાં તકલીફ. |
| ૯મે કેતુ | : | હલકા વર્ણ દ્વારા ભાગ્યોદય, ધર્મ પરિવર્તન, પિતૃદ્વેષી |
| ૧૦મે કેતુ | : | ચોપગાં પ્રાણીઓથી ઈજા, પિતા સાથે મતભેદ, વ્યાપાર માટે અશુભ |
| ૧૧મે કેતુ | : | બધા જ પ્રકારના લાભો પ્રાપ્ત થાય, તેજસ્વી, શાસ્ત્રાભ્યાસ |
| ૧૨મે કેતુ | : | મોક્ષ કારક, ગુપ્ત રોગ. |

કારકત્વ :

અચાનક્તા, મોક્ષ, આધ્યામિક્તા, પરમતત્વનું જ્ઞાન, ચિંતા, ગુપ્તવિદ્યા, મંત્રવિદ્યા, સલાહ સૂચન, ભેદનીતિ, મેદાની અને મર્દાની રમતો, રાજ્ય સાથે વિરોધ, સત્તારૂઢ પક્ષનો તીવ્ર વિરોધ, આત્મ વિશ્વાસ, અતિ અપમાનની ક્રોધાગ્નિમાંથી જન્મતો અપૂર્વ આવેશ, તાકાતના-સાહસના-તંત્રશક્તિના પરાક્રમ, મહાન તપશ્ચર્યા, અંધ વિશ્વાસ, ચાડી.

સ્વગૃહી રાશિ - મીન ઉચ્ચ રાશિ - ધન મૂ. ત્રિ. રાશિ - કન્યા

એક રાશિમાં અઢાર મહિના રહે છે.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## હર્ષલ - URENUS ♅

આપણા શાસ્ત્રમાં તેને પ્રજાપતિ તરીકે વર્ણવ્યો છે. ૧૭૮૧માં હર્ષલ નામના વૈજ્ઞાનિકે શોધ્યો હતો. એક રાશિમાં ૭ વર્ષ રહે છે. અસાધારણ તર્કશક્તિ, ચમત્કારીક વિદ્યાની આવડત એ તેનો ગુણ છે. અનિશ્ચિતપણું, ચાંચલ્ય એ તેનો સ્વભાવ છે. તોફાની અને વિચિત્ર પ્રકારનો ગ્રહ છે. એલેક્ઝાન્ડ્રાઈટ તેનું રત્ન છે. સર્વનાશ કરી નવસર્જન કરવું એ તેની લાક્ષણિક્તા છે. જૂનું તોડવું અને નવું સર્જન કરવું, જૂની પદ્ધતિ, જૂના રીતરિવાજો તોડી નવી પદ્ધતિ, નવા રીવાજો અમલમાં લાવે છે. મોટી તોડફોડ, કુદરતી આફતો, વિનાશ, બોંબ બ્લાસ્ટ, ધરતીકંપ, જ્વાળામુખી ફાટવા, સમૂહમાં મોટો વિનાશ માટે કારણભૂત થાય છે. લોકશાહીવાદી ગ્રહ છે. દરેકને સ્વતંત્ર અધિકાર, સમાન તક અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળે તેનો હિમાયતી, વ્યક્તિગત સ્વાર્થ ન હોય. રીસર્ચનો શોખ, ડખલ કરનારને સહન ન કરે. અણધાર્યા, અચાનક અને અકલ્પનીય કામો માટે કારણભૂત, આજ્ઞાંકિતતા ઓછી. બંડખોર અને વિદ્રોહી ગ્રહ છે. વિચિત્ર અને સારવાર ન થઈ શકે તેવા રોગો માટે કારણભૂત છે. આકસ્મિક કારણોસર ઈજા, દીર્ઘદષ્ટિનો અભાવ, જન્મભૂમિથી વિયોગ, લગ્ન વિચ્છેદ, સમાજ દ્રોહી, જ્ઞાનતંતુની નબળાઓના રોગ આપે.

કારકત્વ :

વિજળી, મોટર, વાહન, સંશોધન, છેલ્લી ઢબના યંત્રો, વકૃતત્વ શક્તિ, વકીલાત, જ્યોતિષ, માનસશાસ્ત્ર, એક્સ-રે, આપઘાત, રોમાંચક ઘટના, એરોપ્લેન, વરાળથી ચાલતા યંત્રો, ગેસ, રીવોલ્વર, રેડીયો સ્ટેશન, વિજળીઘર.

સ્વગૃહી રાશિ - કુંભ ઉચ્ચ રાશિ - વૃશ્ચિક નીચ રાશિ - વૃષભ

## નેપચ્યુન - NEPTUNE ♆

આ ગ્રહને વરૂણ તરીકે ઓળખવામાં આવે છે. એક રાશિમાં તે ૧૪ વર્ષ રહે છે. વિચિત્ર પ્રકારનો ગ્રહ છે. સ્વામી તરીકે ગુરૂ ગણાય છે. તેની સ્વગૃહી રાશી મીન છે. આંતરમન સાથે સંબંધ ધરાવે છે. ચંદ્ર બ્રાહ્યમન અને નેપચ્યુન આંતરમન. સબ કોન્શીયસનેસ ને નાના મગજ સાથે સંબંધ છે. તેથી નેપચ્યુન નાના મગજ સાથે સંકળાયેલો છે. જાગૃત અવસ્થા મોટા મગજને આભારી. સુપ્તાવસ્થા નાના મગજને આભારી. તેથી સુપ્તાવસ્થા નેપચ્યુન સાથે સંબંધિત છે. નેપચ્યુનને લીધે જો આંતરિક શક્તિઓ કેળવવામાં આવે તો જગતની તમામ વસ્તુઓ ધારે તે મેળવી શકે. પોતાનો અને પારકાનો રોગ મટાડવાની શક્તિ ધરાવી શકે. સ્ફટિક મણિ (ઓપલ) તેનું રત્ન છે.

ઈન્દ્રીયજ્ઞાન, અલૌકિક સામાર્થ્ય, સૂચક સ્વપ્નો અને અણધાર્યા ફેરફાર કરવાનો તેનો ગુણ છે. શરીર વગરના આત્મા સાથે સંબંધિત છે. તે વીર-પીર, દેવ, યક્ષ, ગન્ધર્વ કે તપસ્વી બનાવી શકે છે. ચુંબકીય તત્વ ધરાવે છે. મક્કમ મનોબળ માટે નેપચ્યુનની જરૂર પડે છે. તે શક્તિપાત કરવાની તાકાત ધરાવે છે. કુંડળીમાં જે સ્થાનમાં બેઠો હોય તે સ્થાનની ન દેખાય તેવી બાબતોનો નિર્દેશ કરે છે. ભૂગર્ભ પ્રવૃત્તિ તથા જે વાતનો સ્ફોટ થાય તેના બીજ બહુ પહેલાં વવાયા હોય તેમાં નેપચ્યુન કારણભૂત છે. લાંબા ગાળાની યોજનાઓનો કારક છે. પાણી સાથે સંબંધિત છે. મોટા પાયાની વિશિષ્ટ બાબતો સાથે સંકળાયેલો છે. વિનાશક પૂર, ધરતીકંપ, દરિયાઈ યુદ્ધ માટે કારણભૂત છે. મંગળ સાથે સંબંધ થાય તો વિનાશક વાવાઝોડાં થાય. ગાઢ પ્રેમ સાથે નેપચ્યુન જ સંકળાયેલો છે.

**શુભ સંબંધિત નેપચ્યુન :**

આધ્યાત્મ, ગૂઢદષ્ટિ, સંગીત, આરાધના, કલાની સૂઝ અને પરખ, મંત્ર શક્તિ, આકર્ષણ શક્તિ, ગૂઢ કલ્પના શક્તિ, વાક્ચાતુર્ય તથા ભક્તિભાવ આપે.

**અશુભ સંબંધિત નેપચ્યુન :**

અસત્ય, વાસનાપ્રિયતા, પાશવીશક્તિ, મંત્રશક્તિનો દૂરૂપયોગ, વ્યસન, અપ્રામાણિકતા, વશીકરણ શક્તિ, વિષયી માનસ, અસામાન્ય વર્તન, દગો ફટકો, માનસિક દુર્બળતા, અનૈતિક સંબંધો તથા ભૂત-પ્રેત બાધા આપે.

**કારકત્વ :**

સહકારી મંડળી, લીમીટેડ કંપની, પ્રમોટર્સ (શેર), દવાઓ, તેલ, ગેસ, નાટક, સીનેમા, વિમાન વ્યવહાર, ખાનગી સંદેશાઓની આપ-લે, જાસુસી, તંત્રવિદ્યા, હોસ્પિટલ, પ્રસૂતિગૃહ, ધર્માદા સંસ્થાઓ, અનાથાશ્રમ, દગો, ફટકો, કાવતરાં, ઝેર, ડૂબી જવું, અણધાર્યુ મૃત્યુ, ખૂન, ભેદી સંબંધો, ઓઈલ રીફાઈનરી, દારૂનું પીઠું, ભિક્ષુક ગૃહ, મહાસાગર.

સ્વગૃહી રાશિ - મીન     ઉચ્ચ રાશિ - કર્ક     નીચ રાશિ - મકર

## પ્લુટો - PLUTO ♇

અમેરીકન ખગોળ વિજ્ઞાની હોવેલે ૧૯૩૦માં પ્લુટોની શોધ કરી. ઘણી ધીમી ગતિનો ગ્રહ છે. સૂર્યની પરિક્રમા કરતાં તેને ૨૪૩ થી ૨૪૬ વર્ષ લાગે છે. બધી રાશિઓમાં તેનું સરખા સમયનું ભ્રમણ નથી. આપણા શાસ્ત્રમાં તેને યમ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક જ્યોતિષીઓ તેને સૂર્ય સાથે સરખાવે છે. ઉથલપાથલ, ઈતિહાસનું સર્જન, કોમવાદ, મોટા વિનાશ, પોલીસ કે લશ્કર સાથેનો સંબંધ, બળવો, રાજકીય ખટપટ, માનસિક અશાંતિ સાથે સંકળાયેલો છે. નવસર્જનની શક્તિ ધરાવે છે. પ્લૂટો જે પરિસ્થિતિમાં મૂકે તે પરિવર્તનમાંથી વર્ષો સુધી છુટવા ન દે. એની અસર લાંબાગાળાની હોય છે. જન્મકુંડળી સૂર્ય પરથી કે સૂર્યના ૯૦° પરથી કે ૧૮૦° પરથી પ્લુટોનું ભ્રમણ જીવનમાં મોટુ પરિવર્તન લાવે છે. તેમાં રચનાત્મક અને વિધેયાત્મક બંને શક્તિ છે. પ્લુટોના પ્રભાવવાળી વ્યક્તિઓમાં વિરોધાભાસી વર્તન ઘણું જોવા મળે. આ જાતકો શૂન્યમાંથી સર્જન કરવાની શક્તિ ધરાવતા હોય છે. તેઓ ગજબની હિંમત ધરાવે છે. પુરાતત્વ તથા આધુનિક શોધખોળ પર તેનો પ્રભાવ છે. આવી વ્યક્તિ મોટા ગુન્હા પણ કરે અને સમાજ સેવા પણ કરે. સમૂહને દોરવાની શક્તિ ધરાવે છે. જો શુભદ્રષ્ટ હોય તો ભૂતકાળની ભૂલો સુધારી આગળ પ્રગતિ કરે. પ્રભાવશાળી વ્યક્તિત્વ પ્રાપ્ત કરે. મજબુત ઈચ્છા શક્તિ આપે અને નેતાગીરી મળી જાય. આદર્શવાદી તથા આધ્યાત્મવાદી પણ થઈ શકે.

અશુભ દ્રષ્ટ હોય તો જીવનમાં અશાંતિ તથા તકરારોનો સામનો કરવો પડે, ઈર્ષ્યાળુ થાય, બીજાના હક પડાવવા ગમે તે કરે, હંમેશા વિનાશક પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે, ભૌતિકવાદી અને ક્રૂર થાય, ગુંડાઓ, ત્રાસવાદીઓ, ગંદા રાજકારણીઓ અને ડીકટેટરો આ કક્ષામાં આવે છે. એમીથીસ્ટ એ એનું રત્ન છે.

**કારકત્વ :**

રેડીયો, ટેલીવિઝન, કેમેસ્ટ્રી, કાવત્રા, યુનીયન, સમાજસેવા, ટોળીની સરદારી, આધ્યાત્મિક વિદ્યા, પુનઃનિર્માણ, પુનઃરચના, પરિવર્તન, ભૂસ્તરીય ઘટનાઓ, અંધારી જગ્યાઓ, અણુ વિજ્ઞાન, સડેલી વસ્તુ, આથેલી ખાદ્ય બનાવટો.

સ્વગૃહી રાશિ - વૃશ્ચિક | ઉચ્ચ રાશિ - મેષ | નીચ રાશિ - તુલા

## મેષ રાશિ ♈ AERIS

**પર્યાય :** અજ, વિશ્વ, ક્રિય, તુંબુર, આદ્ય.
**ચિન્હ :** ઘેટું
ક્રાંતિવૃત્તના ૦૦° થી ૩૦°,
**નક્ષત્રો :** અશ્વિની - ૪ ચરણ, ભરણી - ૪ ચરણ અને કૃતિકા - ૧ ચરણ (પહેલું ચરણ)
**નામાક્ષર :** અ.લ.ઈ.
ચર સ્વભાવની અને અગ્નિતત્વની રાશિ છે. ક્ષત્રિયવર્ણની ચતુષ્પાદ રાશિ છે.
હ્રસ્વ છે. દસમે બળવાન બને છે. અંગ - માથુ.
પુરૂષ રાશિ છે. ક્રૂર છે. તેનો સ્વામી મંગળ છે. વિષમ (એકી) છે.
પૂર્વ દિશામાં બળવાન બને છે. પૃષ્ઠોદય રાશિ છે.
**લક્ષણો :**

ગરમી, કાર્યશક્તિ, ધગશ, સાહસ, વિકાસ, પરિવર્તન, વિસ્તરણ, અનુકરણ, ઉતાવળીયો, જક્કી, સ્વાર્થી, મજબુત અંગ, લોહી જેવો લાલ રંગ, પિત્ત પ્રકૃતિ, દિવસે બળવાન, સ્ત્રી સંગ થોડો, સંતાન થોડાં, રૂક્ષ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## વૃષભ રાશિ ♉ TAURUS

**પર્યાય :** ઉક્ષ, ગો, તાવુર, ગોકુલ, વૃષ
**ચિન્હ :** આખલો, નંદી
ક્રાંતિવૃત્તના ૩૦° થી ૬૦°,
**નક્ષત્રો :** કૃતિકા - ૩ ચરણ (છેલ્લા), રોહીણી - ૪ ચરણ, મૃગશીર્ષ - ૨ ચરણ (પહેલા)
**નામાક્ષર :** બ.વ.ઉ.

સ્થિર સ્વભાવની અને પૃથ્વી તત્વની રાશિ છે. વૈશ્ય વર્ણની ચતુષ્પાદ રાશિ છે. હ્રસ્વ છે. દસમે બળવાન બને છે. મુખ પર પ્રભુત્વ ધરાવે છે. સ્ત્રી રાશિ છે. સૌમ્ય છે. તેનો સ્વામી શુક્ર છે. દક્ષિણ દિશામાં બળવાન બને છે. પૃષ્ઠોદય રાશિ છે.

**લક્ષણો :**

મહેનતુ, સહનશીલતા, શાંત, ધીમાશ, સેવા, શક્તિ, સુદૃઢ શરીર, શ્વેતરંગ, મધ્યમ સ્ત્રી સંગ, વાયુ પ્રકૃતિ, રાત્રિબલી, શુભ રાશિ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## મિથુન રાશિ ♊ GEMINI

પર્યાય : દ્વન્દ્વ, નયુગ્મ, જુતુમ, યમ, યુગ, તૃતીય
ચિન્હ : ગદાધારી નર - વીણા વગાડતી સ્ત્રી (જોડીયા બાળકો)
ક્રાંતિવૃત્તના ૬૦° થી ૯૦°
નક્ષત્રો : મૃગશીર્ષ - ૨ ચરણ (છેલ્લા), આદ્રા - ૪ ચરણ અને
પુનર્વસુ - ૩ ચરણ (પહેલા)
નામાક્ષર : ક.છ.ઘ.

દ્વી સ્વભાવની અને વાયુ તત્વની રાશિ છે. શુદ્ર વર્ણની દ્વિપાદ રાશિ છે. સમ (હ્સ્વાદીમાં) લગ્ને બળવાન બને છે. અંગ છાતીનું પ્રતિનિધિત્વ કરે છે. પુરૂષ રાશિ છે. ક્રૂર રાશિ છે. તેનો સ્વામી બુધ છે. વિષમ છે. રાત્રિબલી. પશ્ચિમ દિશામાં બળવાન છે.

લક્ષણો :

મધ્યમ બાંધો, રંગ લીલો છે. મધ્યમ સ્ત્રી સંગ, ચંચળતા, કુતુહલતા, તરવરાટ, ભોળપણ, પરતંત્રતા, દ્વિત્વ, ગરમ સ્વભાવ, બુદ્ધિ પ્રાધાન્યતા.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## કર્ક રાશિ ♋ CANCER

પર્યાય : કુલીર, કર્કાટક, કર્કટ.
ચિન્હ : કરચલો
ક્રાંતિવૃત્તના ૯૦° થી ૧૨૦°
નક્ષત્રો : પુનર્વસુ - ૪થું ચરણ, પુષ્ય - ૪ ચરણ અને આશ્લેષા - ૪ ચરણ
નામાક્ષર : ડ. હ.

ચર સ્વભાવની અને જળ તત્વની રાશિ છે. બ્રાહ્મણ વર્ણની બહુપદ રાશિ છે. સમ (હ્સ્વાદીમાં) ચોથા સ્થાનમાં બલવાન બને છે. અંગ-હૃદય સાથે સંબંધ સ્ત્રી રાશિ છે. સૌમ્ય રાશી છે. તેનો રાશિ સ્વામી ચંદ્ર છે. રાત્રિબલી. ઉત્તર દિશામાં બળવાન બને છે. પુષ્ઠોદય રાશિ છે.

લક્ષણો :

વળગી રહેનાર, મજબુત પકડવાળો, પોતાની જાતને સાચવનાર, બહુ સ્ત્રીસંગ, સંવેદનશીલ, ફળદ્રુપ રાશિ, કફ પ્રકૃત્તિ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## સિંહ રાશિ ♌ LEO

**પર્યાય :** કણ્ઠીરવ, મૃગેન્દ્ર, લેય
**ચિન્હ :** સિંહ
ક્રાંતિવૃત્તના ૧૨૦° થી ૧૫૦°.
**નક્ષત્રો :** મઘા - ૪ ચરણ, પૂ.ફાલ્ગુની - ૪ ચરણ અને ઉ.ફાલ્ગુની - ૧ ચરણ (પહેલું)
**નામાક્ષર :** મ.ટ.

સ્થિર સ્વભાવની અને અગ્નિ તત્વની રાશિ છે. ક્ષત્રિય વર્ણની ચતુષ્પાદ રાશિ છે. દીર્ઘ છે. દશમાં સ્થાનમાં બળવાન બને છે. અંગ - પેટ પર પ્રભુત્વ. પુરૂષ રાશિ છે. ક્રૂર રાશિ છે. તેનો રાશિ સ્વામી સૂર્ય છે. વિષમ છે. દીવાબલી. પૂર્વ દિશામાં બળવાન બને છે. શીર્ષોદય રાશિ છે.

**લક્ષણો :**

સુદૃઢ બાંધો, અલ્પ સ્ત્રી સંગ, પિત્ત પ્રકૃતિ, હિંમતવાન, અધ્યક્ષપદ, વિશાળતા, અભિમાન, રક્ષણ આપનાર, ગરમ સ્વભાવ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## કન્યા રાશિ ♍ VIRGO

**પર્યાય :** પાથોન, રમણી, તરણી.
**ચિન્હ :** ધાન્ય સહિત - એક હાથમાં વીણા અને બીજા હાથમાં અગ્નિપાત્ર લીધેલી કન્યા નાવમાં બેઠી છે.
ક્રાંતિવૃત્તના ૧૫૦° થી ૧૮૦°.
**નક્ષત્રો :** ઉ. ફાલ્ગુની - ૩ ચરણ (છેલ્લા), હસ્ત - ૪ ચરણ અને
ચિત્રા - ૨ ચરણ (પહેલા)
**નામાક્ષર :** પ.ઠ.ણ.

દ્વિસ્વભાવની અને પૃથ્વી તત્વની રાશિ છે. વૈશ્ય વર્ણની દ્વિપાદ રાશિ છે.
લગ્ન સ્થાનમાં બળવાન બને છે. અંગ-કમર પર પ્રભુત્વ.
સ્ત્રી રાશિ છે. સૌમ્ય રાશિ છે. તેનો રાશિ સ્વામી બુધ-રાહુ છે. દીવાબલી છે.
દક્ષિણ દિશામાં બળવાન બને છે. શિર્ષોદય રાશિ છે.

**લક્ષણો :**

અલ્પ સ્ત્રી સંગ, શરમાળ, સંયમ, લક્ષ્મણરેખા, રૂઢિચુસ્ત, સંકુચિતતા, શરીર પાતળું, વાયુ પ્રકૃત્તિ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## તુલા રાશિ ♎ LIBRA

પર્યાય : તૌલી, વણિક, જૂક, ઘટ
ચિન્હ : તુલાધારી પુરૂષ
ક્રાંતિવૃત્તના ૧૮૦° થી ૨૧૦°.
નક્ષત્રો : ચિત્રા - ૨ ચરણ (છેલ્લા), સ્વાતિ - ૪ ચરણ, વિશાખા - ૩ ચરણ (પહેલા)
નામાક્ષર : ર.ત.
ચર રાશિ છે. વાયુતત્વની છે. દ્વિપદ રાશિ છે. દીર્ઘ છે. લગ્ને બળવાન બને છે. બસ્તી પર પ્રભુત્વ છે. પુરૂષ રાશિ છે. ક્રૂર રાશિ છે. દિવાબલી છે. શિર્ષોદયી છે. પશ્ચિમ દિશામાં બળવાન છે. શુદ્ર વર્ણની રાશિ છે. રાશિ સ્વામી શુક્ર છે. તથા વિષમ રાશિ છે.
લક્ષણો :

ચિકાશવાળુ મુલાયમ શરીર, સપ્રમાણ અંગો, સમતા, ન્યાયપ્રિયતા, યોગ્યાયોગ્યનો વિચાર.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## વૃશ્ચિક રાશિ ♏ SCORPIO

પર્યાય : અલિ, અષ્ટમ, કૌર્પિ, કીટ, કૌર્પિક
ચિન્હ : વીંછી
ક્રાંતિવૃત્તના ૨૧૦° થી ૨૪૦°.
નક્ષત્રો : વિશાખા - ૧ ચરણ (છેલ્લું), અનુરાધા - ૪ ચરણ, જયેષ્ઠા - ૪ ચરણ
નામાક્ષર : ન.ય.

સ્થિર સ્વભાવની, જલતત્વની રાશિ, બહુપદ રાશિ, દીર્ઘ છે. સાતમે સ્થાનબળ પામે છે. ગૃહ્યાંગ પર પ્રભુત્વ. સ્ત્રી અને સૌમ્ય રાશિ. રાશિ સ્વામી મંગળ, રાત્રે બળવાન, ઉત્તર દિશામાં બળવાન, શિર્ષોદયી રાશિ, બ્રાહ્મણ વર્ણ.
લક્ષણો : ડંખીલો, ઝેરીલો, તકરારીયો, સુંવાળું શરીર, ક્રોધી, કફપ્રકૃત્તિ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## ધન રાશિ ♐ SAGITTARIUS

**પર્યાય :** તીક્ષ્ણ, ચાપ, શરાસન, ધન્વી

**ચિન્હ :** ધનુધારી, અર્ધમાનવ, અર્ધઅશ્વ, માનવે તીર તાકેલું છે.

ક્રાંતિવૃત્તના ૨૪૦° થી ૨૭૦°.

**નક્ષત્રો :** મૂલ - ૪ ચરણ, પૂ.ષા. - ૪ ચરણ, ઉ.ષા - ૧ ચરણ (પહેલું)

**નામાક્ષર :** ભ.ધ.ફ.ઢ.

અગ્નિતત્વની દ્વિસ્વભાવ રાશિ છે. ક્ષત્રિય વર્ણ છે. દ્વિપદ રાશિ છે. સમ છે. (હ્રસ્વાદિ) લગ્ને, દસમે બળવાન થાય છે. સાથળ પર પ્રભુત્વ છે. પુરૂષ રાશિ અને ક્રૂર છે. રાશિ સ્વામી ગુરૂ છે. વિષમ રાશિ છે. રાત્રિ બલી છે. પૂર્વ દિશામાં બળવાન થાય. પૃષ્ઠોદય રાશિ છે.

**લક્ષણો :** ધ્યેય, લક્ષ્ય, કાર્ય કરનાર, વફાદારી, પરગજુ, સુવર્ણ જેવું તેજ, મજબુત છતાં સુકું શરીર, ગરમ સ્વભાવ, પિત્ત પ્રકૃતિ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## મકર રાશિ ♑ CAPRICORN

**પર્યાય :** મૃગાસ્ય, નક્ર, મૃગ, આકોકેર

**ચિન્હ :** મૃગના મોંઢાવાળો મગર

ક્રાંતિવૃત્તના ૨૭૦° થી ૩૦૦°.

**નક્ષત્રો :** ઉ.ષા. - ૩ ચરણ (છેલ્લા), શ્રવણ - ૪ ચરણ, ધનિષ્ઠા - ૨ ચરણ (પહેલા)

**નામાક્ષર :** ખ.જ.

પૃથ્વી તત્વની ચર રાશિ છે. વૈશ્ય વર્ણની છે. અર્ધોભાગ ચતુષ્પાદ અને બાકીનો અડધો જલચર છે. સમ રાશિ અને સ્ત્રી રાશિ છે. ચોથે અને ૧૦મે બળવાન ગણાય. ઢીંચણ ઉપર પ્રભુત્વ છે. રાશિ-સ્વામી શનિ છે. રાત્રીબલિ છે. દક્ષિણ દિશામાં બળવાન થાય છે. પૃષ્ઠોદય રાશિ છે. વાયુપ્રકૃતિની છે. ૧૨ રાશિઓમાં વધારેમાં વધારે ધૂર્તતા અને ખંધાપણું આ રાશિમાં દેખાય છે.

**લક્ષણો :**

આળસુપણું, મક્કમતા, મ્હાત કરનાર (બીજા ઉપર વિજય), રાજકીય પ્રવૃત્તિ, સુકું શરીર, પક્કડ અને અલ્પ સ્ત્રી સંગ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## કુંભ રાશિ

**AQUARIUS**

**પર્યાય :** ઘટ, તોયધર, હૃદ્રોગ

**ચિન્હ :** ખભે ભરેલો ઘડો મૂકેલો માનવ

ક્રાંતિવૃત્તના ૩૦૦° થી ૩૩૦°.

**નક્ષત્રો :** ધનિષ્ઠા - ૨ ચરણ (છેલ્લા), શતભિષા - ૪ ચરણ,
પૂ.ભાદ્રપદા - ૩ ચરણ (પહેલા)

**નામાક્ષર :** ગ.સ.શ.ષ.

વાયુતત્વની સ્થિર રાશિ છે. શુદ્રવર્ણની દ્વિપદ રાશિ છે. હ્રસ્વ છે. દિને બળવાન થાય છે. જાંઘ અને પગ ઉપર પ્રભુત્વ છે. પુરુષ રાશિ છે. વિષમ રાશિ અને ક્રૂર રાશિ છે. રાશિસ્વામી શનિ અને હર્ષલ છે. દિવાબલી છે. પશ્ચિમ દિશામાં બળવાન હોય છે. શીર્ષોદય રાશિ છે.

**લક્ષણો :** માનવતાવાદી, વિકાસશીલ, મહત્વાકાંક્ષી, સહૃદયતા, ઠીંગણું શરીર, ગરમ સ્વભાવ, વાત, પિત્ત અને કફ સરખા અને મધ્યમ સ્ત્રી સંગ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## મીન રાશિ

**♓ PISCES**

**પર્યાય :** અંત્યભ, અન્ત્ય, મત્સ્ય, પૃથુરોમ, ઝષ

**ચિન્હ :** મત્સ્ય, દ્વય, માછલીનું યુગલ

ક્રાંતિવૃત્તના ૩૩૦° થી ૩૬૦°.

**નક્ષત્રો :** પૂ.ભાદ્રપદા - ૪થું ચરણ, ઉ.ભાદ્રપદા - ૪ ચરણ, રેવતી - ૪ ચરણ

**નામાક્ષર :** દ.ચ.ઝ.થ.

જલતત્વની દ્વિસ્વભાવની રાશિ છે. બ્રાહ્મણ વર્ણની સ્ત્રી રાશિ છે. જલચર છે. બહુપદ રાશિ છે. ચોથે બળવાન થાય છે. પગના તળિયા પર તેનું પ્રભુત્વ છે. સૌમ્ય રાશિ છે. રાશિ સ્વામી ગુરૂ અને નેપચ્યુન છે. ઉભયોદય રાશિ છે.

**લક્ષણો :**

ચીકણું અને સુંવાળું શરીર, સૌમ્ય સ્વભાવ, શીથીલ અંગો, કફ પ્રકૃત્તિ, સંકુચિતતા, સંવેદનશીલ સ્વભાવ, સુધરેલી માનવતા અને અતિ સ્ત્રી સંગ.

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

